
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



શ્રી સંભવનાથ પ્રભુનું
(શિલ્પકળાના નમુના રૂપ)
સુંદર જૈન મંદિર.
વરતેજ-સૌરાષ્ટ્ર

શેઠશ્રી મોહનલાલભાઈ તા
( વરતેજ ) ના સૌજન્યથ

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૨
અંક ૪-૫

કારતક-માગશર
સં૦ ૨૦૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ-નુ-ક્ર-મ-ણિ-કા.


| | | |
|---|---|---|
| ૧ જીવનશિક્ષણ ... ... ... | ... ( લે. પૂ૦ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મ૦ ) | ૫૯ |
| ૨ દેવીશતક અને શ્રી હેમચંદ્રસૂરિ ... | ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) | ૬૦ |
| ૩ ભગવાન મહાવીર અને જમાલી ... ... | ... ( શ્રી રતીલાલ મફાભાઇ–માંડલ ) | ૬૪ |
| ૪ કો' ના પામ્યું મર્મ ... ... | ... ( જમનાદાસ છોટાલાલ દુધવાળા–વડોદરા ) | ૬૯ |
| ૫ નવપદજીના પ્રાચીન ચૈત્યવંદનો ... | ( વિવેચનકાર પૂ૦ પં. શ્રી રામવિજયજી ગણી ) | ૭૧ |
| ૬ બ્રહ્મવિહાર–બૌદ્ધ ધ્યાનયોગનો એક લાક્ષણિક પ્રકાર. ( લે. પ્રોફેસર જયંતિલાલ ભાઇશંકર દવે. એમ. એ. ) | | ૭૨ |
| ૭ લોકપ્રિય થવાની કળા... ... ... | ( વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. ) | ૭૪ |
| ૮ એકત્રીસમા શ્રી શુદ્ધમતિ જિનસ્તવન–સાર્થ | ... ( સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૭૫ |
| ૯ શ્રી વલ્લભનિર્વાણ કુંડળી ગાયન... ... ... | ...( લે. હસ્તીમલ કોઠારી ) | ૭૭ |
| ૧૦ સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ... | | ૭૮ |


## નવાં થયેલાં માનવંતા સભાસદો.

૧ શેઠ છોટાલાલ ભાઇચંદભાઇ **પેટ્રન** ... ... ... ... ( મુંબઇ )

**લાઇફ મેમ્બરો.**

| | |
|---|---|
| ૨ શેઠ લાલચંદ અનોપચંદ ( કુનુર નીલગીરી ) | ૫ શેઠ રૂપાજી ધરમચંદ જૈન રાણીબેનુર |
| ૩ શેઠ કરમશી હંસરાજ ( મુંબઇ ) | ૬ શેઠ રૂપચંદ હીંદમલ જૈન રાણીબેનુર |
| ૪ શેઠ સૌભાગ્યચંદ જગજીવનદાસ સુરેન્દ્રનગર | ૭ શેઠ નવીનચંદ્ર રતનશી ભાવનગર |

## આભાર.

હાલમાં આચાર્ય ભગવંતશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સુશિષ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી પૂર્ણાનંદવિજયજીએ મહારાજ અને તેમના સુશિષ્ય મુનિશ્રી હ્રીંકારવિજયજીના ઉપદેશથી શાહ લક્ષ્મીચંદજી નાહટાએ ગુરૂભક્તિ નિમિત્તે સ્વ૦ આચાર્ય ભગવાનનો ફોટો મૂકી પ્રકટ કરેલ પંચાંગો અમારા સભાસદો તથા માસિકના ગ્રાહકોને ભેટ આપવા માટે મોકલ્યા છે જે માટે ઉપાધ્યાયજી મહારાજનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

---

## ગુરુભક્તિ–માટે નિવેદન.

**શ્રી મહાવીર વિદ્યાલય મુંબઇ** તરફથી સ્વ૦ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સ્મરણાર્થે એક ગ્રંથ તેઓશ્રીની સ્વર્ગવાસની પ્રથમ વાર્ષિક તિથિને દિવસે પ્રગટ કરવામાં આવશે, જેમાં સદ્દગતના જીવનકાર્યની સમીક્ષા, ઉપરાંત સામાજિક, ધાર્મિક ક્ષેત્રની વિશિષ્ટ પ્રવૃત્તિઓના અવલોકન સાથે જૈન તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સાહિત્ય, કળા, સ્થાપત્ય અને જૈન સમાજના ઉત્કર્ષ કેળવણી વગેરે વિષયોના મનનીય લેખોનો સ્થાન આપવામાં આવનાર છે તે માટે એક સમિતિ નીમવામાં આવી છે.

---

## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય ભાગ. )

**કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.**

જેમાં સમ્યકૃત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર–સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી,

અનુસંધાન ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવા થયેલ માનવંતા પેટ્રન સાહેબ—

# શ્રેષ્ઠીવર્ય શ્રીયુત છોટાલાલ ભાઈચંદભાઇ મુંબઈ

લઘુ શત્રુંજય તીર્થની ઉપમા જેને અપાય છે તેવા અને અન્ય સુશોભિત કળાયુક્ત રમણીય જૈન મંદિરોથી વિભુષિત, તીર્થધામ જેવું, અનેક આચાર્ય દેવો, વિદ્વાન મુનિ પુંગવોના પવિત્ર ચરણો અને સ્થિરતાવડે વ્યાખ્યાન, ઉપદેશવડે પરંપરાથી જૈન સંસ્કારી કુટુંબો, લક્ષ્મી, વ્યાપાર વૈભવથી જેમાં વસેલા છે, તેવા સૌરાષ્ટ્રના મુખ્ય શહેરો પૈકીના એક જામનગર શહેરના મૂળ વતની ધર્મવીર પુરુષ શ્રેષ્ઠીવર્ય શેઠ ભાઈચંદભાઈ અમુલખ અને પૂજ્ય માતુશ્રી મણિબેનની કુક્ષીમાં શ્રીયુત છોટાલાલભાઈનો જન્મ થયો હતો. ગુજરાતી તથા ઇંગ્રેજી ભાષાનું ધંધાની જરૂરીયાતવાળું જ્ઞાન તેમણે મેળવ્યું હતું. વ્યાપારના વિકાસ અર્થે પિતા ભાઈચંદભાઇને પૂર્વ સુકૃત મુંબઇ લઇ ગયું, અને ત્યાં દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધાપૂર્વક સેવા અને વીમાની લાઇનમાં પ્રમાણિકપણે કાર્ય કરતાં, સારા સારા વ્યાપારી, ઉદ્યોગપતિનો ચાહ, પ્રતિષ્ઠા વગેરે મેળવતાં લક્ષ્મીદેવીની પસંદગી ઉતરી, છતાં નિરંતરની આવશ્યક ક્રિયાઓ, દેવપૂજા, ગુરુ ઉપાસનાવડે ધાર્મિક જીવન જીવવા સાથે સુકૃતની લક્ષ્મીનો સદ્વ્યય ઉદારતા વડે કરવા લાગ્યા, ત્યાં પૂજ્ય પિતાની પાસેથી છોટાલાલભાઇ ધંધાદારીનું શિક્ષણ મેળવીને કુશળ થયા, જો કે શ્રી છોટાલાલભાઈ તો સુસંસ્કાર સાથે લઈ જનમ્યા હતા, પૂજ્ય પિતાશ્રીની નિવૃત થઈ ધર્મ સાધન કરવા ઇચ્છા થતાં સુપુત્ર છોટાલાલભાઇને શ્રીયુત ભાઇચંદભાઇએ ધર્મ શ્રદ્ધા, લક્ષ્મી અને વ્યાપાર સુપ્રત કરી પોતે ધર્મસાધન કરવા લાગ્યા અને છેવટે પૂજ્ય પિતાના સ્વર્ગવાસ પછી ઉપરોક્ત વારસો પ્રવૃત્તિ શરૂ રાખતાં વ્યાપારી આલમમાં શ્રી છોટાલાલભાઈએ ચાહ પણ સારો મેળવ્યો, પિતાની જેમ અને પ્રમાણિકપણે જ બીઝનેશ કરતા પોતાની પ્રતિષ્ઠા પણ વધારી અને પોતાના બીઝનેસની પણ વૃદ્ધિ કરી. ઘણા વર્ષ પહેલાં તેઓશ્રી આ સભાની કાર્યવાહીથી સંતોષ પામી પ્રથમ પહેલા વર્ગના લાઇફ મેમ્બર થયા હતા, અને ત્યારબાદ વિનંતિ કરતાં હાલ તેવાજ હર્ષસાથે આ સભાનું પેટ્રનપદ સ્વીકાર્યું છે, માટે આભાર માનવામાં આવે છે. આ સભા તરફથી શ્રીયુત છોટાલાલભાઈની પાસે તેઓનો ફોટો અને સંક્ષિપ્ત જીવન ચરિત્રને માટે લખતાં તેઓ સરલ, માયાળુ, નિરભિમાની અને સાદુ જીવન જીવનાર હોવાથી, ઘણો આગ્રહ કર્યો છતાં, આપવાની ઈચ્છા જણાવી નહીં, ખરેખર હર્ષ થવા જેવું છે કે, પોતે પુણ્યશાળી, લક્ષ્મીવંત હોવા છતાં પોતાની નામના કાઢવાની ઈચ્છા ધરાવતા નથી જેથી ખરેખર ધન્યવાદને પાત્ર છે. શ્રીયુત છોટાલાલભાઇ દીર્ઘાયુષ્ય થઇ શારીરિક, આર્થિક અને આધ્યાત્મિક લક્ષ્મીને દિવસાનુંદિવસ વિશેષ પ્રાપ્ત કરે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.


## જીવનશિક્ષણ

આકાશની અટારીમાંથી ઉષાએ પોતાનું મોં બહાર કાઢયું ત્યારે આચાર્ય દ્રોણ પોતાના છાત્રોને જીવન-શિક્ષણ આપી રહ્યા હતા.

ચન્દ્રની ચારે તરફ જેમ તારામંડળ ગોઠવાય એમ આચાર્ય દ્રોણની આસપાસ વિદ્યાર્થીઓ ગોઠવાઈ ગયા હતા. અધ્યયનનો પ્રારંભ કરતા આચાર્ય દ્રોણે કહ્યું: 'છાત્રો આજે આ સૂત્ર કરી લાવો: '**क्रोधं मा कुरु। क्षमां कुरु।** ક્રોધ કરીશ નહિ, ક્ષમા કર...'

આ મિતાક્ષરી સૂત્ર છાત્રો ગોખવા મંડી પડ્યા. પૂરો અર્ધો કલાક પણ નહિ થયો હોય ત્યાં ભીમ ઊભો થયો. નમન કરી એણે કહ્યું: "ગુરુદેવ, પાઠ આવડી ગયો, કંઠસ્થ થઇ ગયો છે, કહો તો બોલી જાઉં. "**क्रोधं मा कुरु। क्षमां कुरु।**" તે પછી અર્જુન, દુર્યોધન, એમ સૌ એક પછી એક છાત્રો આવતા ગયા અને શુદ્ધ વાણીમાં સ્પષ્ટ સૂત્રો બોલી, પોતપોતાને સ્થાને ગોઠવાઇ ગયા. પણ આ શું? સૌથી તીવ્ર મેધા ધરાવનાર ધર્મરાજ તો આજ ઊઠતા જ નથી. શું એમને આ ટૂંકું સૂત્ર પણ નથી આવડતું? શું એમની બુદ્ધિના ચંદ્રને જડતાનો રાહુ ગળી ગયો?

આકાશની ઉષા યુધિષ્ઠિરની પ્રજ્ઞા પર સ્મિત કરી ચાલી ગઇ. બાલસૂર્ય ઊભો ઊભો યુધિષ્ઠિરના અધ્યયનની રીત જોઇ રહ્યો હતો.

દ્રોણે હાક મારી: "વત્સ યુધિષ્ઠિર, પાઠ આવડ્યો કે?"

તુષારધવલ સ્મિત કરી યુધિષ્ઠિરે કહ્યું: "ના ગુરુદેવ, પાઠ હજી નથી આવડ્યો."

મીઠો ઠપકો આપતા ગુરુદેવે કહ્યું: "આટલું નાનું સૂત્ર પણ નથી આવડતું? જા જલ્દી કરી લાવ." સૂર્ય તો આગળ વધી રહ્યો હતો. મધ્યાહ્ન થવા આવ્યો પણ યુધિષ્ઠિર તો સૂત્રને રટે જ જાય છે. દ્રોણે ફરી પૂછ્યું, "કેમ, યુધિષ્ઠિર! હજી કેટલી વાર છે?"

અતિ નમ્રતાથી નમન કરી યુધિષ્ઠિરે ઉત્તર વાળ્યો: "ના, ગુરુદેવ પાઠ હજી પૂરો થયો નથી." આ સાંભળી દ્રોણ કંટાળી ગયા: રે! આવો તેજસ્વી વિદ્યાર્થી આવો જડ કેમ? સૌથી મોખરે રહેનારો સૌથી પાછળ કેમ? આચાર્ય દ્રોણથી ન રહેવાયું. સાંજ પડવા આવી હતી. એટલે યુધિષ્ઠિરનો કાન પકડી તમાચો મારતાં દ્રોણે કહ્યું: "પાઠ હજી નથી આવડ્યો?" તે જ પળે, એવી જ નમ્રતાથી યુધિષ્ઠિરે કહ્યું: "ગુરુદેવ પાઠ આવડી ગયો. પ્રયોગ પૂરો થયો."

દુર્યોધન દૂર ઊભો ઊભો, મનમાં મલકાતો વિચારી રહ્યો હતો: સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ.

સંધ્યાનો રંગ દ્રોણની ઉજ્જવળ દાઢીને ગુલાબી રંગે રંગી રહ્યો હતો, ત્યારે યુધિષ્ઠિરના નયનોમાંથી ક્ષમા નીતરી રહી હતી. વાત્સલ્યથી યુધિષ્ઠિરના મસ્તક ઉપર હાથ ફેરવતાં દ્રોણે પૂછ્યું, "વત્સ, થોડા સમય પહેલાં તો પાઠ નહોતો આવડતો. અને હવે એકદમ કેવી રીતે આવડી ગયો?"

યુધિષ્ઠિરે કહ્યું: "ગુરુદેવ, આપે કહ્યું, કે '**क्रोधं मा कुरु**' '**क्षमां कुरु**' પણ ક્રોધનો પ્રસંગ આવ્યા વિના મને શી ખબર પડે કે મેં ક્રોધ નથી કર્યો અને મેં ક્ષમા રાખી છે. અત્યારે જ્યારે આપે તમાચો માર્યો ત્યારે મને ક્રોધ નથી થયો અને ક્ષમા જ રહી, તો આ પ્રયોગ દ્વારા મને લાગ્યું કે મને પાઠ આવડ્યો છે."

આ જીવનશિક્ષણથી દ્રોણ યુધિષ્ઠિરને વાત્સલ્યભાવથી ભેટી પડ્યા ત્યારે ગગનનો સૂર્ય ઉષાને શિક્ષણની આ નવી રીત કહેવા, અસ્તાચળ પર ઉપડી ગયો!

**મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેવીશતક અને શ્રી હેમચન્દ્રસૂરિ

( લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ. )

**નામકરણ-દેવીશતક**—એ સંસ્કૃત ભાષામાં રચાયેલું એક લઘુ કાવ્ય છે. એમાં ૧૦૪ પદ્યો છે. એ ઉપરથી એના નામકરણમાં 'શતક' શબ્દનો પ્રયોગ કરાયો છે. આ કાવ્ય દ્વારા પાર્વતી દેવીની સ્તુતિ કરાઈ છે. એથી એના નામમાં 'દેવી' શબ્દ યોજાયો છે. આમ આ કાવ્યનું નામ સાન્વર્થ છે. આ કાવ્ય **નોણના** પુત્રે ( આનંદવર્ધને ) રચ્યું છે. તેમજ આ કાવ્યનું નામ **દેવીશતક** છે એ હકીકત પણ કર્તાએ આ **દેવીશતકના** નિમ્નલિખિત ૧૦૧ મા પદ્યમાં દર્શાવી છેઃ—

**"देव्या स्वप्नोद्गमादिष्टदेवीशतकसञ्ज्ञया ।**
**देशितानुपमामाधादतो[1] नोणसुतोनुतिम् ॥१०१॥'**

( આ પદ્ય ચક્ર-બંધને લગતા ચિત્રમાં બે વાર ગુંથાયેલું જોવાય છે. )

અંતિમ ( ૧૦૪ મા ) પદ્યમાં કર્તાએ પોતાનો પરિચય આપતાં કહ્યું છે કે આ સુદુષ્કર સ્તોત્ર, **આનન્દકથા** અને **ત્રિદશાનન્દના** પ્રણેતાની રચના છે. આ રહ્યું એ પદ્યઃ—

**"येनानन्दकथायां त्रिदशानन्दे च**
**ललिता वाणी ।**
**तेन सुदुष्करमेतत् स्तोत्रं देव्याः**
**कृतं भक्त्या ॥ १०४ ॥"**

આની વિવૃતિમાં કય્યટે કહ્યું છે કે—આ દેવી-શતકના કર્તા **આનન્દવર્ધન-નોણના** પુત્ર તે **આનન્દકથા** એટલે **વિષમબાણલીલા** અને **ત્રિદશાનન્દ** એટલે **અર્જુનચરિતના** પ્રણેતા છે. અહીં હું એ ઉમેરીશ કે **ધ્વન્યાલોકના** કર્તા પણ આ **આનન્દવર્ધન** છે અને એઓ કાશ્મીરમાં ઇ. સ. ની નવમી સદીના ઉત્તરાર્ધમાં થઇ ગયા છે.

**મહત્ત્વ—દેવીશતક** નામનું આ લઘુ કાવ્ય જાતજાતના શબ્દાલંકારોનાં મનોરમ ઉદાહરણો પૂરાં પાડતું હોવાથી એ કાવ્ય સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. શબ્દાલંકારના અનુપ્રાસ, યમક, ચિત્ર, શ્લેષ, વક્રોક્તિ અને પુનરુક્તાભાસ એમ જે છ પ્રકારો પડે છે તે પૈકી 'ચિત્ર'ના સ્વર-ચિત્ર, વ્યંજન-ચિત્ર, ગતિ-ચિત્ર, આકાર-ચિત્ર ઇત્યાદિ ઉપપ્રકારો છે. આકાર-ચિત્ર નામના અલંકારથી વિભૂષિત પદ્યો રચવાં એ બાળકોનો ખેલ નથી, કેમ કે એ માટે જે વસ્તુનો આકાર પદ્યદ્વારા દર્શાવતો હોય તે વસ્તુ વિષે પાકો બોધ હોવો જોઇએ અને ખાસ કરીને શબ્દો ઉપર વિશિષ્ટ પ્રભુત્વ હોવું જોઇએ. આ બંને પ્રકારની યોગ્યતા આનંદવર્ધનમાં છે, એમ એમની આ **દેવીશતક** નામની કૃતિ કહી આપે છે, કાવ્ય અને 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિ જેવા વિદ્વાને 'ચિત્ર' અલંકારનાં ઉદાહરણો માટે એને પસંદ કર્યું, એ પણ આ કાવ્યની મહત્તા પૂરવાર કરે છે.

**હૈમટિપ્પણ—**હેમચન્દ્રસૂરિએ **કાવ્યાનુશાસન** સૂત્રરૂપે સંસ્કૃતમાં રચ્યું છે અને એના ઉપર **અલંકાર-ચૂડામણિ** નામની વૃત્તિ રચી એ મૂળ કૃતિને વિશદ બનાવી છે. આ મૂળ તેમજ વૃત્તિને લક્ષીને એમણે વિવેકની જે રચના કરી છે અને એ દ્વારા કેટલીક નવીન બાબતો પણ રજૂ કરી છે. પ્રસ્તુત **દેવીશતક**-માંથી હેમચન્દ્રસૂરિએ ત્રીસ પદ્યો અવતરણરૂપે આપ્યાં છે એટલું જ નહિ પણ એ પદ્યના દુર્બોધ અંશોની વ્યાખ્યા પણ કરી છે. આ વ્યાખ્યા એકત્રિત કરાય તો એ **દેવીશતકના** એક તૃતીયાંશ જેટલા ભાગના તો ટિપ્પણની ગરજ સારે.

**કય્યટની વૃત્તિ અને સચિત્રતા—**"કાવ્ય-માલા"ના નવમા ગુચ્છકના ઇ. સ. ૧૯૧૬ માં પ્રકાશિત દ્વિતીય સંસ્કરણમાં **દેવીશતકને** સ્થાન

1 હેમચન્દ્રસૂરિની મુદ્રિત કૃતિમાં તો 'धादेतां' પાઠ છે અને એ જ યથાર્થ જણાય છે.



For Private And Personal Use Only

અપાયું છે. સાથે સાથે એમાં જાતજાતના યમક અને ચિત્ર–અલંકારથી અલંકૃત એવું ૧૧૩ પદ્યનું **ઇશ્વર-શતક*** પણ અપાયું છે. આ **દેવીશતક** ઉપર કય્યટની વૃત્તિ છે. એ વૃત્તિ સહિતની મૂળ કૃતિની એક સચિત્ર હાથપોથી "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિર"માં છે. **ઇશ્વરશતક**ની પણ એક સચિત્ર હાથપોથી આ ભાં. પ્રા. સં.મંદિરમાં છે. **દેવીશતક** સચિત્ર સ્વરૂપે કય્યટની વૃત્તિ અને હેમચન્દ્રસૂરિકૃત વ્યાખ્યારૂપ ટિપ્પણ સહિત પ્રકાશિત થવું ઘટે.

**હેમ અવતરણો—દેવીશતક**માંથી જે ત્રીશ પદ્યો હેમચન્દ્રસૂરિએ ઉદ્ધૃત કર્યાં છે તે વિષે હવે હું થોડુંક કહીશ: નિમ્નલિખિત ક્રમાંકવાળાં પાંચ પદ્યો **અલંકારચૂડામણિ**માં અવતરણરૂપે રજૂ કરાયાં છે:—

૧૪, ૧૫, ૫૫, ૫૯ ને ૭૪,

**વિવેક**માં અવતરણરૂપે અપાયેલાં પચ્ચીસ પદ્યોના ક્રમાંક નીચે પ્રમાણે છે:—

૨૫ અને ૭૮ થી ૧૦૧.

'યમક' ચરણમાં અથવા એના ભાગમાં હોય છે એ બાબત સમજાવતી વેળા ચૌદમું પદ્ય અ. ચૂ. (પૃ. ૩૦૧)માં ઉદ્ધૃત કરાયું છે.

'પુનરુક્તાભાસ'ના ઉદાહરણ તરીકે પંચાવનમું પદ્ય અ. ચૂ. (પૃ. ૩૩૮)માં અપાયું છે.

યમકનું સ્વરૂપ સમજાવતી વેળા, લઘુપ્રયત્નતર અને અલઘુપ્રયત્નતર 'લ'ના ઉદાહરણ તરીકે ઉપર્યુક્ત ૫૯મું પદ્ય અ૦ ચૂ૦ (પૃ. ૨૯૯)માં અપાયું છે.

ભાષા–'શ્લેષ'નો વિષય ચર્ચતી વેળા અને તેમાં પણ છ ભાષાનો યોગ દર્શાવવા માટે ૭૪મું પદ્ય અ. ચૂ. (પૃ. ૩૩૨)માં રજૂ કરાયું છે.

પંદરમું પદ્ય મુરજ–બંધને લગતું હોઇ એની ચર્ચા હું આગળ ઉપર કરીશ. એટલે હવે **વિવેક**ગત અવતરણોની બાબત હું હાથ ધરું છું.

પચ્ચીસમું પદ્ય, ગતિ–ચિત્રનું અને તેમાં યે 'સર્વતોભદ્ર'નું સ્વરૂપ આલેખતી વેળા **વિવેક**–(પૃ. ૩૧૧)માં ઉદ્ધૃત કરાયું છે.

આકાર–ચિત્રના ખડ્ગ, મુરજ, પદ્મ, હલ, સ્વસ્તિક, ત્રિશૂલ એમ જાતજાતના આકારોને લક્ષીને વિવિધ પ્રકારો પડે છે, તેમાં મુરજ–બંધ માટે ઉપર સૂચવવા મુજબ પંદરમું પદ્ય અ૦ ચૂ૦ (પૃ. ૩૧૪) માં અપાયું છે.

**પ્રશ્ન**–અહીં એ વાત હું ઉમેરીશ કે **સમંતભદ્ર** યાને **શાન્તિવર્મા** નામના 'દિગંબર' આચાર્યે **સ્તુતિવિદ્યા** યાને **જિનશતક**માં મુરજ–બંધને અંગે

---

* આ કાશ્મીરના કવિ **અવતારની** રચના છે. **સ્તુતિકુસુમાંજલિની** જે રત્નકંઠે વિ. સં. ૧૭૩૮ માં ટીકા રચી છે એમના પિતામહનું નામ અવતાર છે. એ અવતાર ઇ. સ. ૧૬૨૨ની આસપાસમાં વિદ્યમાન હતા. એ જ અવતારે **ઇશ્વરશતક** રચ્યું હોય તો આ ઉપરથી એમના સમય વિષે વિચાર કરવાનો રહેતો નથી. એ ગમે તે હો, આ લઘુ કૃતિ નિમ્નલિખિત બંધોથી વિભૂષિત છે અને એ દૃષ્ટિએ ચિત્ર–કાવ્યોના અભ્યાસ માટે ઉપયોગી છે:—

કાંચી (૧૩, ૯૮), કુસુમોચ્ચય (૮૬), ક્ષુરિકા (૪૫), ખડ્ગ (૫૪–૫૫), ગદા (૩૮ નો ઉત્તરાર્ધ, ૪૦–૪૧), ચક્ર (કવિ નામ ગર્ભિત) (૪૯), ચતુર્મહાદેવ–સ્વસ્તિક (૧૪૨), છત્ર (૧૦૭), ડમરુ (૬૦), તૂણ (૪૭–૪૮), ત્રિશૂલ (૨૪, ૩૮નો પૂર્વાર્ધ, ૫૯, ૮૦), ધનુષ્ય (૫૭), નંદિકાવર્ત (૬૪, ૮૯), પદ્મ (૯, ૪૩, ૮૧,–૮૨, ૧૦૪), પરસુ (૨૮), ભદ્રકાવર્ત (૧૦૩, ૧૦૪), મહાદેવ (જાગેશ્વર) (૧૧), મુસલ (૫૬), વજ્ર (૧૯), શર (૫૮), સ્ફુર (૬૬) અને હલ (૬૧)

અહીં કૌંસમાં આપેલા અંકો પદ્યને અંગેનાં છે. તેરમું પદ્ય ગોમૂત્રિકા–બંધથી પણ અલંકૃત છે. વળી ૭૧મું પદ્ય તો દ્વ્યક્ષર, દ્વિસ્વર, અસંયુક્તાક્ષર, અર્ધભ્રમ, સર્વતોભદ્ર, સમુદ્ગ–યમક, માલા–યમક, આવૃત્ત–યમક, ગૂઢ–ચતુર્થ, ગૂઢ–તૃતીય, ગૂઢ–ત્રિંશદક્ષર, તેમજ ગોમૂત્રિકાદિ અનેક બંધોથી વિભૂષિત છે. ૧૦૪મું પદ્મ અષ્ટ દલ–પદ્મ તેમજ ષોડશ–દલ–પદ્મથી પણ વિરાજિત છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્કળ પદ્યો રચ્યાં છે. (અને એથી તો હું એમને "મુરજ-સમંતભદ્ર" કહું છું.)

એ મનોરમ કૃતિમાંથી મુરજ-બંધનું ઉદાહરણ ન આપતાં **દેવીશતક**માંથી કેમ અપાયું છે? શું હેમચન્દ્રસૂરિને **સ્તુતિવિદ્યાની** ખબર નહિ હશે કે પછી પોતાની કૃતિ બને તેટલી સર્વોપયોગી અને અસાંપ્રદાયિક બનાવવાની અભિલાષા પૂર્ણ કરવા એમણે આવું વલણ અ૦ ચૂ૦ વગેરેમાં રાખ્યું હશે કે આમાં કોઈ અન્ય જ કારણ રહેલું છે?

**ચક્ર-બન્ધ—દેવીશતક**ના શ્લો. ૮૦-૯૭, ૯૯ અને ૧૦૦ એમ વીસ શ્લોકો મળીને બત્રીસ આરાનું ચક્ર બને છે. તેમાં શ્લો. ૮૦-૯૫ના અક્ષરો નેમિથી માંડીને નાભિ સુધી અનુલોમપૂર્વક (એટલે કે દા. ત. શ્લો. ૮૦ના અક્ષરો એકની નીચે એક એમ) લખવાથી સોળ આરા બને છે. વળી એ જ સોળ શ્લોકો નાભિથી માંડીને નેમિ સુધી અનુલોમપૂર્વક લખવાથી બીજા સોળ આરા બને છે. શ્લો. ૯૬, ૯૭, ૯૯ અને ૧૦૦ એ નેમિની રચના માટેના શ્લોકો છે. આ પ્રમાણેની રચના **વિવેક** (પૃ. ૩૨૦-૩૨૧) માં દર્શાવાઈ છે.

**તૂણ-બન્ધ-દેવીશતક**ના ઉપર્યુક્ત શ્લો. ૮૮નાં પ્રથમ અને તૃતીય ચરણ અને શ્લો. ૯૦ મળીને તૂણ-બન્ધ બને છે. બાણ માટેનો 'ભાથો' બને છે. આ રચના તો વિવેક (પૃ. ૩૧૯)માં જ સમજાવાઈ છે.

**વિશિષ્ટતા-વિવેકમાં** **દેવીશતક**ના શ્લો. ૮૦ થી ૯૮ ની અને શ્લો. ૧૦૦ની શબ્દાલંકારોની દૃષ્ટિએ વિશિષ્ટતાનો પણ ઉલ્લેખ છે. જેમ કે શ્લો. ૮૦, ૮૨, ૮૩, ૮૫, ૮૮, ૯૦ અને ૯૧ એ નવ શ્લોકો યમકથી અલંકૃત છે. તેમાં યે ૮૭ મા શ્લોક સિવાયના શ્લોકો માટેના યમકોની વિશેષતા દર્શાવતાં કહ્યું છે કે શ્લો. ૮૦ 'અપ્રત્યભિજ્ઞા'-યમકથી. શ્લો. ૮૨, ૮૫, ૮૮, ૯૦ અને ૯૧ એ પાંચ શ્લોકો 'અનિયતાવચળ' યમકથી, શ્લો. ૮૩ 'મધ્ય' યમકથી અને શ્લો. ૮૬ અંત-યમકથી મંડિત છે.

શ્લો. ૮૯ અને શ્લો. ૯૩ બબ્બે અક્ષરોથી-વ્યંજનોથી નિર્મિત છે એટલે એનો 'દ્વયક્ષર' તરીકે ઉલ્લેખ કરાયો છે. એવી રીતે શ્લો. ૯૫ માં ત્રણ જ ભિન્ન ભિન્ન વ્યંજનોથી રચાએલ હોવાથી એને માટે 'ત્ર્યક્ષર' એવી સંજ્ઞા વપરાઈ છે (બંને શ્લોકાર્થ દ્વયક્ષરરૂપ છે).

શ્લો. ૮૭ યમક ઉપરાંત ગોમૂત્રિકા-બંધથી, શ્લો. ૯૦ 'અનિયતાવચલ' યમકથી તેમજ વળી પાદગોમૂત્રિકા-બંધથી અને શ્લો. ૯૪ અર્ધ-ગોમૂત્રિકા બંધથી વિભૂષિત છે. શ્લો. ૮૧ ગોમૂત્રિકા-ધેનુના ઉદાહરણરૂપ છે. આ ચાર શ્લોકો 'ગતિ-ચિત્ર' અલંકારથી અલંકૃત છે.

શ્લો. ૮૪ ગૂઢ-ચતુર્થનો નમૂનો પૂરો પાડે છે. એમાં ચોથું ચરણ પહેલાં ત્રણ ચરણમાં વપરાયેલા અક્ષરોવડે યોજાયું છે. આમ ચોથું ચરણ ત્રણ ચરણોમાં સંતાડી દેવાયું છે. આથી આ 'ગૂઢ-ચિત્ર' અલંકારથી શોભે છે. આ અલંકારને હું સાહિત્ય ક્રીડાંગણ ઉપરની સંતાકૂકડીની રમત તરીકે ઓળખાવું છું.

શ્લો. ૯૨, 'રેફ-વિવર્તક' થી શોભે છે, અને 'ર્ગ્ય' માં ગ્ય ના ઉપર રેફ છે તેનો વિપર્યય કરી 'ર્ગ્ય'બનાવાયો છે, અને એ રીતે અર્થ કરાયો છે.

શ્લો. ૯૬ માં ટ-વર્ગનો અભાવ છે અને શ્લો. ૧૦૦ માં ચ-વર્ગ અને ટ-વર્ગ એ બેનો અભાવ છે. આમ હોવાથી આ બે માટે અનુક્રમે અ-ટ વર્ગ અને અ-ચ-ટ વર્ગ એમ કહેવામાં આવ્યું છે. આ બે શ્લોકો સ્થાન-ચિત્રનાં દૃષ્ટાંત પૂરાં પાડે છે.

**ભાષા-શ્લેષ**-જેમ **દેવી-શતક**નો ૭૪ મો શ્લોક અ૦ ચૂ૦ (પૃ. ૩૩૨) માં ભાષા-શ્લેષના ઉદાહરણ તરીકે રજૂ કરાયો છે તેમ આ **દેવીશતક**ના ૭૮ મા અને ૭૯ મા શ્લોક અનુક્રમે પૃ. ૩૨૬ અને ૩૨૭ માં ઉદ્ધૃત કરાયા છે. શ્લો. ૭૮ સંસ્કૃતમાં છે. અને સાથે સાથે શૌરસેનીમાં પણ છે. એવી રીતે શ્લો. ૭૯ સંસ્કૃતમાં તેમજ અપભ્રંશમાં પણ છે. આમ આ બંને પદ્યો બબ્બે ભાષામાં છે.

શ્લો. ૯૯ 'યમક' થી અલંકૃત છે. પણ એની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ કે અન્ય કોઇ જાતની વિશિષ્ટતા કોણ જાણે કેમ દર્શાવાઇ નથી. શું એટલો પાઠ પડી ગયો હશે ?

શ્લો. ૯૭ 'અનુષ્ટુપ્' છંદમાં રચાયેલો છે. તેમ છતાં એની રચના માટે એવા અક્ષરો પસંદ કરાયા છે કે એને અન્ય રીતે રજૂ કરવાથી 'અનુષ્ટુપ્' છંદનું 'આર્યા' છંદમાં પરિવર્તન થાય છે. એ પરિવર્તિત પદ્ય તે શ્લો. ૮૮ છે.

આ ઉપરથી [1]**દેવીશતક**નું અલંકારોની દૃષ્ટિએ કેવું મહત્ત્વ છે તે સમજાયું હશે એટલે એનાં અન્ય પદ્યોની સમાલોચના હું અત્યારે તો જતી કરું છું. એ બાબત તો **દેવીશતક**નું સમીક્ષાત્મક સંપાદન કરવાનો મને સુયોગ સાંપડશે ત્યારે અથવા તો કોઇ વિશિષ્ટ કારણ મળતાં હાથ ધરીશ. અહીં તો હવે એક અન્ય મુદ્દો વિચારું છું.

**આલેખન–દેવીશતક**નો શ્લો. ૧૫ મુરજ–બંધમાં છે. એટલે એ ઉપરથી મુરજનું ચિત્ર કેમ તૈયાર કરવું તે બાબત અ૦ ચૂ૦ (પૃ. ૩૧૪–૩૧૫) માં વિચારાઇ છે, એવી રીતે **વિવેક**( પૃ. ૩૧૯ ) માં ભાથો (સં. તૂણ) તૈયાર કરવાની રીત અને એનાં પૃ. ૩૨૦–૩૨૧ માં બત્રીસ આરાનું ચક્ર બનાવવાની રીત સમજાવાઇ છે.

**દેવીશતક** ઉપર ચન્દ્રાદિત્યના પુત્ર કય્યટે ભીમગુપ્ત રાજાના રાજ્યમાં કલિના ૪૦૭૮ વર્ષો પસાર થતાં એટલે કે ઇ. સ. ૯૭૮ માં વિવૃતિ રચી છે. અને એ દ્વારા આ દુર્બોધ કાવ્યને સુબોધ બનાવ્યું છે ખરું, પરંતુ મુરજ અને તૂણ માટે ચિત્ર કેમ તૈયાર કરવું તે કહ્યું નથી, જ્યારે ચક્ર માટે સામાન્ય સૂચનો છે. વિશેષમાં યમકાદિ માટે પણ કેટલીક વાર કય્યટે કશો ઉલ્લેખ કર્યો નથી.

અહીં એ બાબત ઉમેરીશ કે **દેવીશતક**નાં ૮૦ મા અને ૯૧ મા પદ્ય મળીને અથવા કેવળ ૮૧ મા પદ્યથી જાલ–બંધ તૈયાર થાય છે એમ કય્યટે કહ્યું છે, જ્યારે હેમચન્દ્રસૂરિએ એનો નિર્દેશ કર્યો નથી. શું એમની કૃતિમાંથી એટલો પાઠ પડી ગયો છે ?

**અવતરણોનું મહત્ત્વ–દેવીશતક**માંથી જ અવતરણો હેમચન્દ્રસૂરિએ આપ્યાં છે તેને આ **દેવીશતક**ના મુદ્રિત પુસ્તક સાથે સરખાવતાં કેટલેક સ્થળે પાઠભેદ જોવાય છે. વિશેષમાં મુદ્રિત પુસ્તકમાં ઘણી વાર અને ઉપર્યુક્ત **વિવેક**માં કોઈ કોઇ વાર અશુદ્ધિ નજરે પડે છે. આથી પણ આ લઘુ કૃતિ સચિત્ર સ્વરૂપે વિવૃત્તિ અને ટિપ્પણ સહિત યોગ્ય રીતે પ્રસિદ્ધ થવી ઘટે.

૧ આનું ૧૦૨ મું પદ્ય પ્રહેલિકાના ઉદાહરણરૂપ છે. વળી ૨૯ મા પદ્યના ત્રણ અર્થ અને ૧૦૩ મા પદ્યના ચાર અર્થ થાય છે. આમ એ બે પદ્યો અનેકાર્થી છે.

---

## સુધારો

ગતાંક ( પુ. ૫૨, અં. ૧ ) માં પૃ. ૧૪ ના પ્રથમ સ્તંભની પાંચમી પંક્તિમાં "કમળ" એમ છપાયું છે તે "કર્ણિકા" જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર અને જમાલિ

શ્રી રતિલાલ મફાભાઈ-માંડલ

## (૧)

એકદા ભગવાન વિહાર કરતાં કરતાં ક્ષત્રિયકુંડ ગ્રામે પધાર્યા. ભગવાન પધાર્યાની વાત સાંભળી ભગવાનના મોટા ભાઇ નંદિવર્ધન, ભગવાનના ભાણેજ અને જમાઈ જંમાલિ તથા પુત્રી પ્રિયદર્શના વગેરે સાંસારિક કુટુંબીજનો, પૌરજનો તથા નાના મોટા સહુ કોઇ ભગવાનનો ઉપદેશ સાંભળવા એમના ઉતારે એકઠા થયા.

ભગવાન બોલ્યા કે-" કેટલાક જીવો સુંદર દેખાતા દેહમાં આસક્ત બને છે પણ તેઓ વિચારતા નથી કે આ દેહ તો મળ, મૂત્ર, વિષ્ટા, રુધિર, માંસ આદિ અશુચિઓથી ભરેલો છે. કેટલાક કામભોગો પાછળ તો કેટલાક ધનસંપત્તિ પાછળ તો વળી કોઇ રાજ્યવૈભવ પાછળ રાતદિવસ દોડધામ કર્યા કરે છે પણ તેઓ જાણતા નથી કે એ કામ-ભોગો ચંચળ છે. દ્રવ્યાદિ વસ્તુઓ નાશવંત છે. રાજ્યવૈભવ પણ અધ્રુવ છે ને બધા પરિણામે દુઃખકારક છે.

જગતના સર્વે સુખો એ સુખો નથી પણ ઝાંઝવાના નીર જેવા આભાસ માત્ર જ છે. સાચું સુખ તો અંતરમાંથી ઉભરાતી શાંતિ પ્રાપ્ત કરવામાં જ છે, માટે જ્યાં સુધી આપણી પાસે માનવદેહ છે, યૌવન છે, આરોગ્ય છે અને શકિત પણ છે ત્યાં સુધી કોઇ પણ સંત કે સન્માર્ગદર્શકના આશ્રયે રહી એની સાધના કરવામાં જ માનવજીવનની સાફલ્યતા છે; કારણ કે મનુષ્યજન્મ ફરી ફરી પ્રાપ્ત કરવો દુર્લભ છે."

ભગવાનનો ઉપદેશ સાંભળી વૈરાગ્યવંત થયેલો ઘરે આવી જમાલિ માતાને કહેવા લાગ્યો કે 'હે માતા! મને ભગવાન પાસે દીક્ષા લેવાની અનુમતિ આપો!'

એકના એક પુત્રને સંસારત્યાગ કરવા ઉદ્યુક્ત થયેલો જાણી માતા વ્યથિત બની એથી પુત્રને એ સમજાવવા લાગી પણ જ્યારે જમાલિનો દૃઢ નિશ્ચય અફર છે એમ એણે જાણ્યું ત્યારે તે ગળગળી બની પુત્રને કહેવા લાગી.

માતા-પુત્ર, તું મને અતિપ્રિય છે. વળી તું મારો કલાગરો દિકરો છે, તો જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી તું ઘરે જ રહી જા. વંશવૃદ્ધિ કરી વૃદ્ધાવસ્થામાં મારા મરણ બાદ સુખેથી સાધુ બનજે. જા, મારી આશિષ છે. ભગવાન મહાવીરે પણ તેમજ કર્યું હતું, તો તું પણ તેવી રીતે મારો બોલ નહી પાળે, દિકરા?

જમાલિ-માતા, કાળ ક્યારે આવીને ઓચી પકડશે અને કોણ વહેલું જશે ને કોણ પાછળ એ કોણ કહી શકે એમ છે? વળી આ મનુષ્ય દેહ અનેક પ્રકારના વ્યાધિઓથી ભરેલો છે. વળી તે પરપોટા જેવો ક્ષણિક છે. સ્વપ્નદર્શન જેવો મિથ્યા છે. અધ્રુવ છે. સડવાનો-નાશ પામવાનો એનો ધર્મ છે, અને તેનો પણ એક દિવસ વહેલામોડો ત્યાગ તો કરવાનો જ છે તો શા માટે આજે જ એનો સદુપયોગ ન કરી લેવો? માટે હે માતા! મને દીક્ષા લેવાની અનુજ્ઞા આપો.

માતા-બેટા, તું ગુણી છે, સુંદર છે, બુદ્ધિશાળી છે, અનેક ગુણોથી વિભૂષિત છે. વીર્ય, બલ, રૂપ, યૌવનાદિએ યુક્ત છે તો એનો ઉપયોગ કર્યા પહેલાં જ ભાગી નીકળવું એમાં ડહાપણ નથી.

જમાલિ-હે માતા, આ દેહ મલ-મૂત્ર, માંસ, રુધિર આદિથી યુક્ત છે. તેમાંથી અનેક પ્રકારની દુર્ગંધીઓ આવ્યા જ કરે છે. વળી તે વિષ્ટાથી ભરપૂર છે. તેમાં કયો ડાહ્યો પુરુષ રાગ કરી શકે? માટે હે માતા! મને તરત જ અનુજ્ઞા આપો.

માતા-બેટા! સંસારમાં રહીને તું ધર્મધ્યાન ક્યાં નથી કરી શકતો? બાકી મહાવીરનો માર્ગ તો તલવારની ધાર પર ચાલવા જેવો કઠણ છે. એમાં ઘોર તપશ્ચર્યાઓ અને ઉપસર્ગો( વિઘ્નો )નો સામનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનો હોય છે. જ્યાં આરામ નથી, સારું ખાન-પાન નથી અને સાધનોની પણ તંગી છે. ત્યાં તારા જેવો સુકોમળ, વૈભવવિલાસમાં ઉછરેલો રાજકુમાર કેવી રીતે ટકી શકશે? ખુલ્લા ચોગાનમાં તેમજ સ્મશાન કે ખંડિયેરમાં તાપ-ટાઢ વેઠતા પડી રહેવાનું છે ને ઘોર અરણ્યમાં ઉઘાડે પગે ભટકવાનું અને હિંસકપ્રાણીઓ વચ્ચે રખડવાનું છે. એ તારાથી કેમ બની શકશે? કઠોર ખડતલ આદમી પણ તૂટી જાય એવો એ કપરો માર્ગ છે.

જમાલિ-માતા, શું તમારો પુત્ર કાયર છે? નમાલો છે! ક્ષત્રિયબાલ તો સિંહ સાથે કુસ્તી કરવા-આપત્તિઓનો સામનો કરવા જ જન્મેલો હોય છે. વળી આ જીવે અનંત યોનિઓમાં ભટકતા રહી ભોગવેલા નિરવધિ દુઃખો પાસે તો આવા દુઃખો વિસાતમાં પણ નથી. અને માતા વિચાર તો કરો, શું આ બધા સુખો મને શાશ્વત મળતા રહેવાના છે? અને જો એક દિવસ એને છોડીને ચાલી નીકળવાનું જ છે તો અત્યારે જ સશક્ત દશામાં સભાનપણે શા માટે એનો ત્યાગ ન કરવો?

માતા છેવટે એને સમજાવવામાં નિષ્ફળ ગઈ ત્યારે એણે એને રજા આપી. અને જમાલિએ ભગવાન પાસે જઈ અણગારત્વ સ્વીકારી લીધું અને પછી અગ્યાર અંગોનો અભ્યાસ કરી, બહુશ્રુત બન્યો તથા કડક તપશ્ચર્યાઓ દ્વારા આત્માને ભાવિત કરતો પ્રભુ સાથે વિહરવા લાગ્યો.

## જમાલિનો વિદ્રોહ

## (૨)

વર્ષોની તપશ્ચર્યા બાદ એકદા જમાલિએ ૫૦૦ મુનિઓ સાથે અન્ય દેશમાં વિહાર કરવાની રજા માગી. ભગવાન ભાવિ જાણતા હોવાથી મૌન રહ્યા. મૌનને અનુમતિ માની જમાલિ બીજે વિહાર કરી ગયો.

એક દિવસ જમાલિ વ્યાધિમાં ઘેરાયો. શિષ્યોને સંથારો (પથારી) પાથરવા કહ્યું. 'હે દેવાનુપ્રિયો! જલ્દી કરો'. શિષ્યો પથારી પાથરવા લાગ્યા, પરંતુ જમાલિએ વેદનાથી વ્યાકૂળ બની ફરી પૂછ્યું કે 'હે દેવાનુપ્રિયો! પથારી પાથરી?' શિષ્યોએ કહ્યું કે "હા, જી. પથારી પાથરી."

પણ જ્યારે રોગગ્રસ્ત જમાલિ સંથારા પાસે આવ્યો તો જોયું કે પથારી પથરાઈ નહોતી પણ પથરાતી હતી. એટલે સાધુઓના ઉપરોક્ત જવાબથી, અધિકાર વિના અનુકરણથી કરેલી તીવ્ર તપશ્ચર્યાના કારણે આવેલી માંદગીએ જમાલિના જીવનમાં વિચિત્ર પલટો આણી દીધો.

માણસનું મન નિર્ણયો કરવામાં તુચ્છ નિમિત્તથી કેવું દોરવાઈ જાય છે અથવા કહો કે માણસનું મન પોતાને ગમતા નિર્ણયોનું સમાધાન કરવા કેવો આધાર લે છે, તેનું જમાલિ આબાદ ઉદાહરણ છે. અથવા એમ પણ કહો શકાય કે માણસના દિલમાં ઊંડે ઊંડે પડેલી અદૃશ્ય વાસના આવા ક્ષુલ્લક નિમિત્ત માત્રનો આધાર લઈને પણ ઉછળી આવે છે.

જમાલિ બોલ્યો કે "હે સાધુઓ! પથારી પથરાઈ નથી છતાં પથારી પાથરી છે એવું મિથ્યાવચન બોલી તમે શા માટે મને હેરાન કરી રહ્યા છો?"

મુનિઓ-આપ અમને મિથ્યાવાદી શા માટે કહો છો? અમારા તેમજ તમારા પરમગુરુ ભગવાન મહાવીર આવા વચનોને મિથ્યાવચન નથી કહેતા. તેઓ પણ 'ક્રિયમાણ'(કરાતા કાર્ય)ને 'કૃત' (થયેલું કાર્ય) કહેવાના વ્યવહારને માને છે.

જમાલિ-પણ મહાવીરસ્વામીનું આ વચન મિથ્યા છે.

મુનિઓ-મહાવીરસ્વામી તીર્થંકર છે, અર્હંત્ છે, સર્વજ્ઞ છે. અમારા તમારા ગુરુ છે. એમના વિષયમાં આપ આમ કેમ કહો છો?

જમાલિ-સર્વજ્ઞ થયા-તીર્થંકર બન્યા તેથી શું? મોટા પુરુષો પણ ગલતી કરે છે.

મુનિઓ-પણ સર્વજ્ઞની અપેક્ષાએ અસર્વજ્ઞ અધિક ગલતી કરી શકે છે.

જમાલિ-હું પણ સર્વજ્ઞ બન્યો છું. અર્હંત્પદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામ્યો છું. હું પણ હવે તીર્થરચના ( સંઘસ્થાપના ) કરવાનો છું.

મુનિઓ–આપે આ રીતે વિદ્રોહી ન બનવું જોઇએ.

જમાલિ–એમાં વિદ્રોહની વાત કયાં છે? એ સત્યાસત્યનો પ્રશ્ન છે, ક્રિયમાણને ' કૃત ' કહેવું એ હડહડતું જુઠાણું છે.

આ વાદવિવાદ બાદ અનેક સાધુઓ મહાવીર પાસે ચાલ્યા ગયા છતાં સારી એવી સંખ્યાએ જમાલિનું તીર્થંકરત્વ કબૂલ રાખ્યું. ભગવાનની પુત્રી પ્રિયદર્શના પણ પોતાના ભૂતપૂર્વ પતિ જમાલિના સંઘમાં રહી આર્યિકા સંઘની અધિષ્ઠાત્રી બની. જમાલિ તપસ્વી હતો, વિદ્વાન હતો, વ્યાખ્યાતા હતો તેમજ શાસ્ત્રોનો જાણકાર હતો છતાં અંતરમાં પડેલી માન–પૂજાની વાસનાએ જુદો જ પલટો લીધો. એ પોતાની જાતને હવે તીર્થંકર–સર્વજ્ઞ મનાવવા લાગ્યો.

સાજો થયા બાદ એ ભગવાનની રૂબરૂ પણ ગયો અને કહેવા લાગ્યો કે ' આપનો સિદ્ધાંત ખોટો છે. આપ સર્વજ્ઞ–જિન કહેવાઓ છો પણ આપ હજુ પૂરા જ્ઞાની બન્યા નથી, હું સર્વજ્ઞ દશા પ્રાપ્ત કરી ચૂકયો છું અને ' જિન ' બન્યો છું. ' ભગવાને તેને પોતાનો ' क्रियमाणे कडे 'નો સિદ્ધાંત આ રીતે સમજાવ્યો.

' માનો કે એક માણસે બીજાનો ઘાત કરવાનો નિશ્ચય કર્યો, બીજાનો ભલે ઘાત ન થઇ શકયો હોય છતાં પહેલાને ઘાત કરવાનું ' પાપ ' તો લાગે જ; કારણ કે તેના દિલમાં હિંસા–ક્રોધ આદિની પાપ વાસના તો જાગેલી જ છે, માટે કોઇ પણ ક્રિયા કરવાનો સંકલ્પ કરવો એટલે તે ક્રિયા થઇ જ કહેવાય. ક્રિયાનો અર્થ ભલે કાર્ય થતું ન દેખાય તો પણ તેની ભાવનાનું ફળ તો મળવાનું જ. માટે એનો સીધો સાદો અર્થ એટલો જ કે કોઇ પણ શુભ કે અશુભ કાર્ય કરવાનો સંકલ્પ કર્યો એટલે તેવા સંકલ્પનું ફળ ' પાપ ' ' પુણ્ય ' તો મળવાનું જ, ભલે પછી ક્રિયા થઇ હોય, થતી હોય કે ન પણ થઈ હોય. '

ભગવાનના મુખ્ય શિષ્ય ગૌતમે પણ તેને સમજાવ્યો, ચર્ચા કરી, અને અનેક પ્રશ્નોના જવાબો પણ આપ્યા. પણ જેના દિલમાં માન–પૂજાની વાસના બળવત્તર બની હોય એને એ બધું કેવી રીતે ગળે ઉતરે? ' સત્ય 'ને નામે એ પોતાનો દુરાગ્રહ ન છોડી શકયો, આથી જમાલિ અને ગૌતમ વચ્ચે પછી જે પ્રકારની ચર્ચા ચાલી તે આવા પ્રકારની હતી.

જમાલિ–મારું કહેવું એ જ છે કે આપણે ' સત્ય '-ના પૂજારી બનવું જોઇએ, નહી કે વ્યક્તિના.

ગૌતમ–ભગવાનની પૂજા એ સત્યની જ પૂજા છે, વ્યક્તિની નથી. એ એક મોટા રાજાના પુત્ર હતા. અમુક હતા, તમુક હતા, એટલા ખાતર એ પૂજાતા નથી પણ ત્યાગ, તપ, જ્ઞાન અને વિશ્વસેવાના કારણે જ એ પૂજાય છે. એટલા માટે ભગવાનની પૂજા એ ગુણની જ પૂજા છે.

જમાલિ–ગૌતમ, પણ સત્યનો ઇજારો કંઇ મહાવીરસ્વામીએ એકલાએ જ નથી રાખ્યો. સત્ય તો અનાદિ છે અને સર્વત્ર વિદ્યમાન છે.

ગૌતમ–ભલે સત્ય અનાદિ અને સર્વત્ર વિદ્યમાન હોય, પણ અસત્યથી ભરેલા આ વિશ્વમાં સત્યને તારવી જીવનમાં ઉતારવું કઠણ છે. ભગવાને એ સત્યના દર્શન કરાવ્યા છે અને એટલે જ ભગવાનની પાસે હું તું આવી મળ્યા છીએ.

જમાલિ–એટલે જ હવે એમને અહંકાર થઇ ગયો છે. ' હું એકલો જ બસ છું. જેને મારો સાથ લેવો હોય તે લે. ન લેવો હોય તે ન લે.' શું આ આપણું અપમાન નથી?

ગૌતમ–તો શું તમે ભગવાન ઉપર દયા કરીને ભગવાનને સાથ આપી રહ્યા છો? ભગવાનની કૃપાથી જો લાભ ઉઠાવવો હોય તો ઉઠાવો; નહિ તો ભગવાનને શી મતલબ?

જમાલિ–પણ એમણે બધાનું કહેવું તો સાંભળવું જ જોઇએ ને!

ગૌતમ–એ બધાનું જ સાંભળે છે. પણ એ ન ભૂલવું જોઇએ કે આપણે સંભળાવવા નથી આવ્યા પણ સાંભળવા આવ્યા છીએ. સત્યની ખોજ પંચાયતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢંગથી ન થઇ શકે. **ક્રાન્તિકાર જનમતની પરવાહ નથી કરતો પણ જનકલ્યાણની જ પરવાહ કરે છે.**

જમાલિ–તો શું હું જનહિત નથી ચાહતો ?

ગૌતમ–જનકલ્યાણની નહી પણ તમારા અહંકારની જ ચિંતા કરીને તમે જનહિતનો ઢોંગ કરી રહ્યા દેખાઓ છો.

જમાલિ–એમ હોય તોય શું ? હું અયોગ્ય કરૂં છું ? ભગવાને જ કહ્યું છે ને કે સર્વ જીવો સમાન છે.

ગૌતમ–નિશ્ચયદૃષ્ટિથી–સત્તાથી ( આત્મદૃષ્ટિએ ) સર્વ જીવ સમાન છે એ વાત ઠીક છે, પણ વ્યવહારિક દૃષ્ટિએ તો તેથી પાપી–ધર્મી સમાન જ ગણાય.

જમાલિ–એ તર્કજાળ પોતાની મહત્તા વધારવા માટે જ ઊભી થઇ છે.

ગૌતમ–પોતાની મહત્તા વધારવા મહત્તાની વેદી પર સત્વનું બલિદાન આપ્યું હોય તેવો કોઈ દાખલો બતાવશો ?

જમાલિ–દાખલો એ જ કે આપણે બધા નિર્ગ્રંથ શ્રમણો હોવા છતાં એમનો જ પૂજાવાનો અધિકાર શા માટે ?

ગૌતમ–જમાલિ, વિચાર તો કરો. આપણામાં જે થોડી ઘણી નિર્ગ્રંથતા છે તે કોને આભારી છે ? એની શોધ માટે ભગવાને કેવી ઘોર તપશ્ચર્યાઓ ઉઠાવી છે, તેનો ખ્યાલ કર્યો છે ? આપણે તો સીધા માર્ગે ચાલવાનું છે પણ જેણે ઘોર અટવીની અંદર આવા માર્ગનું નિર્માણ કર્યું છે, એના વ્યક્તિત્વની બરાબરી મારા તારા જેવા સેંકડો હજારો નિર્ગ્રન્થો સાથે મળીને પણ નથી કરી શકવાના. આજે આપણે તેમની પૂજા કરી રહ્યા છીએ પણ તેમના પર પ્રહારો પડતા હતા, ગાળોનો વર્ષાદ વરસતો હતો ત્યારે અમે–તમે ક્યાં હતા ? અને ભગવાનની પૂજાથી ભગવાનને શો લાભ છે ? જેની કૃપાથી આપણામાં મનુષ્યતા આવી, સત્યનાં દર્શન થયાં, તેમની પૂજા કરવી એ એમના માટે નહી પણ આપણા માટે છે. હું તમને વિનંતિ કરું છું કે તમે આવી ઇર્ષ્યા અને કૃતઘ્નતા મૂકી દો.

જમાલિ–એમાં ઇર્ષ્યાની વાત નથી. સત્યની વાત છે. જે પ્રત્યક્ષ સત્ય છે તે અસત્ય બની શકે જ નહી. એમ કહી ભગવાનનો સિદ્ધાંત જૂઠો હોવાની જાહેરાત કરતો એ ચાલ્યો ગયો.

પાછળથી એને સંઘ બહાર કરવામાં આવ્યો, પણ થોડા ઘણા સાધુઓએ અને પ્રિયદર્શનાની આગેવાની નીચેના સાધ્વી સંઘે જમાલિને ટેકો આપ્યો અને એ રીતે એક વિદ્રોહી સંઘ ઊભો થયો.

( ૩ )

મહાવીરના સંઘમાંથી છૂટી પડી પ્રિયદર્શના હવે જમાલિના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા લાગી. ગ્રામાનુગ્રામ વિચરતી એક વાર એ ઢંક નામના એક કુંભાર ગૃહસ્થના આવાસે ઉતરી. ઢંક મહાવીરનો પરમ ભક્ત હતો. ખુદ ભગવાનની પુત્રી ભગવાનની સામે વિદ્રોહ જગાવે છે એ વાતથી એને ભારે દુઃખ થયું. ' ચર્ચામાં કદાચ પ્રિયદર્શનાનું મોઢું બંધ કરી શકાય પણ એથી એના હૃદયને કેમ જાગૃત કરી શકાય ?' પણ ઢંક ભારે વ્યવહારકુશળ હતો. પ્રિયદર્શનાને જાગૃત કરવા એણે એના વસ્ત્રો ઉપર અંગારા નાખ્યા. એની કાંબળ સળગવા લાગી.

પ્રિયદર્શના–ઢંક, તને કંઇ ભાન છે કે નહી ? તારી બેકાળજીએ મારી કાંબળ સળગી ગઇ.

ઢંક–આર્યે, આપ મિથ્યા ભાષણ કરી રહ્યા છો.

પ્રિયદર્શના–પ્રત્યક્ષ વાતમાં પણ તમે મિથ્યા ભાષણનો આરોપ મૂકો છો ! શું તમે જોતા નથી કે તમારી સામે જ કાંબળ સળગી ગઇ ?

ઢંક–હં, કાંબળ સળગી ગઇ એમ કહો છો એ બરાબર છે. બાકી ' સળગી રહી છે. ' એને ' સળગી ગઇ ' કહેવી એ તો આપના સિદ્ધાંત મુજબ મિથ્યાત્વ જ છે. એ મિથ્યાત્વના કારણે જ તમે તમારા પિતા, પરમોપકારી, પ્રાણી માત્રના હિતૈષી, જગદ્ગુરુ મહાવીરસ્વામીને અસર્વજ્ઞ ઠરાવ્યા છે અને એમનો સંઘ ત્યજી દીધો છે.

ભગવાને અનેક નયોની અપેક્ષાએ ( ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી ) શબ્દાર્થનું વિવિધ રૂપોમાં વિવેચન કર્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પણ તમે એને ન સમજવાના કારણે સાચા ગુરુની આશાતના કરી છે. અને તમારું જીવન નષ્ટ કર્યું છે.

(પ્રિયદર્શના થોડી વાર સ્તબ્ધ બની વિચારગ્રસ્ત બની જાય છે.)

પ્રિયદર્શના–ઢંક હવે મને સમજાય છે કે હું અંધકારમાં ગોથાં ખાતી હતી. ખરેખર તેં મને પ્રકાશ આપ્યો છે.

ઢંક–મારી શી યોગ્યતા ? એ બધો તમારા પિતાજીનો જ પ્રતાપ છે.

પ્રિયદર્શના–હું પિતાજીના નિકટ સંસર્ગમાં રહેવા છતાંય તેમને ન ઓળખી શકી અને તમે આટલે દૂર હોવા છતાં ય તેમને ઓળખી શકયા છો. ખરેખર ! તમે કેટલા બધા સૌભાગ્યશાળી છો !

ઢંક–કુટુંબી, સગાં–સંબંધી, પરિચિત મિત્ર વગેરે કોઇ તીર્થંકરને ભાગ્યે જ ઓળખી શકે છે.

પ્રિયદર્શના–ઢંક, ખરેખર તમે સાચું જ કહો છો. મલયગિરિ પર રહેનારી ભીલડી ચંદનનું મૂલ્ય નથી જાણતી, તેમ નિકટ સંસર્ગમાં રહેનાર માણસો અવતારી પુરુષને નથી ઓળખી શકતા–જેમ તદ્દન નજીકની વસ્તુને આંખ નથી જોઇ શકતી તેમ.

પ્રિયદર્શના ઢંકનો પરમ ઉપકાર માનતી તરત જ ભગવાન પાસે જવા ચાલી નીકળી. હવે તેના હૃદય–દ્વાર ખુલી ગયા હતા. શરમ, ખેદ અને પશ્ચાત્તાપથી એનું હૃદય સળગી ઉઠયું હતું.

(૪)

સુવર્ણની કસોટી અગ્નિમાં જ થાય છે. વધતા જતા વિરોધમાં, પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ મહાપુરુષો ઓર ઝળકી ઉઠે છે. ભગવાન વીતરાગ હતા. જલકમલવત્ ન્યારા હતા. અનુકૂળ, પ્રતિકૂળ દરેક પ્રસંગોમાં એ સમદૃષ્ટિ હતા. જેના દિલમાં કેવળ વિશ્વકલ્યાણની જ ભાવના જ ભરી પડી છે, જેને પોતાનું કશું જ નથી એવા પુરુષો સદૈવ આનંદમસ્ત જ રહેતા હોય છે, ભલેને પછી આસમાન તૂટી પડતું હોય કે જગત આખું વિરોધી બન્યું હોય.

ભગવાન તો નિજાનંદમાં મસ્ત હતા, પણ ગૌતમ બેચેન રહેતા. જમાલિ પ્રિયદર્શનાનો વિદ્રોહ, સંઘમાં ફાટફૂટ, ગોશાલકનો વધતો જતો વિરોધ અને જનતામાં ફેલાતી સાશંકતાથી એ ખિન્ન બન્યા હતા.

ગૌતમે એક સમય ભગવાનને પૂછયું કે–હે પ્રભો ! જગતમાં સત્ય આટલું બધું પદદલિત કેમ ?

મહાવીર–ગૌતમ, તમે ક્ષેત્ર પર જ દષ્ટિ રાખો છો. કાળને પણ જોતાં શીખો. રાજ્યકર્તા પુરુષ જેટલી સત્તા જમાવી શકે છે એટલી એક મહાત્મા નથી જમાવી શકતો. પણ સમય જતાં રાજકર્તા પુરુષનું નામ પણ લુપ્ત થઈ જાય છે, જ્યારે મહાત્માનો સંદેશ અમર બની જાય છે. મહત્વની પરીક્ષા ક્ષેત્રથી નહી પણ કાળથી જ થાય છે. કદાચ કોઇ મહાત્મા કાળની પરીક્ષામાં સફળ ન થાય તો પણ આત્મપરીક્ષામાં તો થાય છે. આ જ એમનું મહત્વ છે.

ગૌતમ–પ્રભો ! જગત ભલે આપનો વિજય ન દેખે પણ હું તો આપનો વિજય દેખી રહ્યો છું.

આ વખતે પ્રિયદર્શના ત્યાં આવી પહોંચે છે. ભગવાનના ચરણમાં ખેદ, પશ્ચાત્તાપ અને શરમથી માથું ઢાળી દઇ રડતી આંખે તે પ્રભુની ક્ષમા યાચે છે. અને શ્રાવકશિરોમણી ઢંકની કૃપાથી પોતે મિથ્યાત્વની જાળમાંથી કેવી રીતે બહાર આવી તેની વાત કરી પ્રાયશ્ચિત માગે છે.

ગૌતમ–છેવટે સત્યનો જ જય થયો અને તે પણ આશા કરતાંય વિશેષ અને ત્વરિત, એ જોઇને એમની આંખો હર્ષાશ્રુઓથી રેલાઈ ગઇ અને પ્રિયદર્શનાની સાથે તેઓએ પણ પોતાનું શિર ભગવાનના ચરણમાં ઝૂકાવી દીધું.

આમ પ્રિયદર્શનાનો તો થોડા જ સમયમાં હૃદયપલટો થઇ ગયો પણ જમાલિ અંતકાળ સુધી દુરાગ્રહ ન મૂકી શકયો.

**('ત્રિશલાનંદન મહાવીર' ભાગ ૨ જો, અપ્રગટ પુસ્તકમાંથી)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કો'ના પામ્યું મર્મ

વડોદરાખાતે મોઢ જ્ઞાતિના આગેવાન વૈષ્ણવ વિચારક જમનાદાસ છોટાલાલ આચાર્ય વિજય-વલ્લભસૂરીશ્વરજી, પ્રવર્તક શ્રીમદ્ કાન્તિવિજયજી મહારાજ આદિના સમાગમમાં આવતા તેઓ જૈન સંસ્કારથી રંગાતા આવ્યા છે. આજે તેઓ પરમશ્રદ્ધાળુ જૈન તરીકે શ્રદ્ધેય જીવન જીવી રહ્યા છે. સ્વ. આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને ભક્તિભરી અંજલિ અર્પતું તેઓએ રચેલ એક સાદું કાવ્ય જે સ્થળસંકોચને અંગે સ્મરણાંકમાં પ્રગટ થઇ શક્યું ન હતું તે અત્રે રજૂ કરવામાં આવે છે.

હૃદય વદતું ઘણું ઘણું,
મુખ ઉચરી નવ શકે;
કોને હતી ખબર ?
કાળ મર્યાદા લોપશે. ૧

સહુ કહે ગઇ કાળની,
વળી કહે કો' આજની;
મૃત્યુ ઘડી નવ વદી શકે !
લખી જે લ'લાટની. ૨

ભાવીની પ્રાબલ્યતાએ,
શાસનરત્ન ગુમાવીયું !
મેં તમે અનેકે,
ઘણું ઘણું ગુમાવીયું. ૩

ભારતતણા ભીષ્મપિતામહ,
ભડવીર, યુગવીર હતા;
બાળબ્રહ્મચારી ગુણવંત,
બળવંત એ યોગી હતા. ૪

શું લખું ? શું નાં લખું ?
લખતાં કાંઇ લખાયના !
અલ્પબુદ્ધિ, અધમ જીવ હું,
લખવાના મૂળ ભાર શા ! ૫

સત્ય અને જ્ઞાનના ઉપાસક,
હતા શ્રી ગુરુદેવજી !
અજ્ઞાનતિમિરભાસ્કર,
હતા શ્રી ગુરુદેવજી. ૬

પંજાબ ને ગુજરાત,
મારવાડ ને મુંબઇ વળી,
આવ્યા, ગયા, કાંઇ વાર,
દાદા, ગુરુ, 'આદેશથી'. ૭

મૂકી મોટો પરિવાર,
પરવર્યા સ્વર્ગસદને;
ગૌરવ જિનશાસનતણું,
કીર્તિ જેની ઝળહળે. ૮

પામીને નિરવાણ,
ઉજ્વળ પ્રકાશ લાધી ગયા;
ભાવી સરજનહાર,
યુવાનોનાં સૃષ્ટા હતા. ૯

કાર્ય ને કાર્યસિદ્ધિ,
યોગબળ ભરપૂર હતી;
નિષ્ફળ કદી નવ નીવડી,
નિષ્ફળ થઇ મૃત્યુથકી. ૧૦

અમૃત ને આદર્શના,
શીસ્તના અવતાર એ;
પંજાબકેસરી વિજયવલ્લભ,
સૂરિમાં સમ્રાટ એ. ૧૧

હૃદય ગદ્ગદ્ બની જતાં,
રોમ, રોમ, કંપિત થતાં;
ગયો શાસનનો રખવાળ,
નીર, નયને વહી જતાં. ૧૨

નિરમળ, નિડર.
નિર્ભયતાના તત્ત્વો ભર્યા;
જ્ઞાન દરિશન ચારિત્રનાં,
રણુસ્થંભ-હતા. ૧૩

સુધાકર, દિવાકર, પ્રભાકર,
જ્ઞાન દરિશનતણા;
અડગ દૃઢતા, અને વિવેક-
ના સમ્પન્ન સાગર હતા. ૧૪

સૂત્રધાર એ સહુતણા,
નીતિના ગિરનાર એ,
ન સ્વ, ન પર,
સહુના હિતચિંતક હતા. ૧૫

ધર્મના ધુરંધર, જ્ઞાનમાં ગૌતમ,
વીરના શાસક વળી;
અબજોના અણમોલ હીરા,
વિજયવલ્લભસૂરિ હતા. ૧૬

શ્રી કાંતિદાદા, શ્રી હંસવિજય,
શ્રી વલ્લભસૂરિ મહારાજ;
વટપદની ભવ્યભૂમિમાં અવતરી,
કર્યાં જિનશાસનના કાજ. ૧૭

પવિત્ર પાદસ્પર્શે,
વટપદ કર્યું ઉજ્જવળ
વિહાર શાશ્વતા કરી,
જીવન કર્યું નિર્મળ. ૧૮

શ્રી આત્માનંદ આદિ ગુરુ,
મળ્યો મહાઆદેશ;
દિવ્ય મંત્ર સ્મરણમય,
બન્યો પંજ-આબ પ્રદેશ. ૧૯

શાસનના અણગાર,
વીતરાગી અણગાર;
'દેશના' દિવ્ય દેનાર,
કલ્યાણી કૃપા કરનાર. ૨૦

નિજ સુધાપાન કરાવી,
પ્રતિબોધ્યા પામર કાંઇ;
યમ, નિયમ, સત્સંગથી,
સુખીયા થયા જીવો કાંઇ. ૨૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર શાસન વિજયવંત,
ઉત્કૃષ્ટ થવા ઇચ્છા ઘણી,
સ્થાપ્યાં જ્ઞાનમંદિર,
છાત્રો રચ્યાં સંસ્કૃતી ભણી. ૨૨

પગપાળા વિહાર કર્યા,
પંજ-આબ પ્રદેશથી,
રૂવે ઘણું પંજ-આબ,
ગુરુદેવના વિરહથી. ૨૩

સ્મરીશું, સુણીશું,
કાર્યો કર્યાં તે યાદમાં,
પ્રત્યક્ષ નવ ભાળશું,
ગુરુદેવ ! કદીયે જીવનમાં. ૨૪

જીવી જાણ્યું, મરી જાણ્યું,
જાણ્યું જીવાડી જગતને,
સંઘનો સેવક બની,
શોભાવ્યું નિજ જીવનને. ૨૫

રચાવ્યાં જ્ઞાનનાં સત્રો,
પરબો મંડાવી પુણ્યની,
વહાવી જ્ઞાનની ધારા,
ગુરુ આદેશ ને ધ્યેયની. ૨૬

યોગી શું ? મહાયોગી,
ભોગી, રોગી, જોગી યતી,
સહુના કર્યાં સાંત્વન,
માનવતાં, મહામંત્રથી. ૨૭

દીક્ષાગુરુ, શિક્ષાગુરુ,
અગમ નીગમના વળી,
શિસ્ત મર્યાદા શોભતો,
પલ પલ ને પગલે વળી. ૨૮

માનવતાના સ્ફુરણ,
ઉત્પન્ન કર્યા માનવ વળી,
થયું ધર્મનું રક્ષણ,
નવ ભૂલાયે કો થકી. ૨૯

પ્રખર, પ્રસિદ્ધ, તરલ, નિરમલ,
સરલ, સફળ, મનુજ એ;
પ્રગટ, ગુપ્ત, ભવ્ય સ્રષ્ટા,
ગુર્જર દેશ તનુજ એ. ૩૦

નશ્વર દેહ વિલીન થતાં,
બની કાયાની રાખ,
સુગંધ, સુવાસ, સમકિત તણી,
પૂરી રહી છે શાખ. ૩૧

ધર્મવીર, યુગવીર, જ્ઞાની,
ધ્યાની, દાની વળી,
દાતા માતા, પિતા માતા,
ગુરુ, વડીલ સહુના વળી. ૩૨

આશાભરી યુવાની,
સંસાર તજી યોગી થયા,
દીર્ઘ દ્રષ્ટા, ભાવી નીહાળી,
નિજ પંથે આગળ વધ્યા. ૩૩

ગુરુજી દીક્ષા દઇ ગયા,
દાદા, ગુરુજી ગમી ગયા,
નિજ શિષ્યની પ્રખરતા,
દાદાગુરુ પામી ગયા. ૩૪

તીર્થોના કર્યા ઉદ્ધાર,
મનુષ્ય જીવન કર્યું નીરમળ,
સમતાધારી બની પ્રબળ,
ધર્મમર્યાદા કરી ઉજ્વળ. ૩૫

ભવ્યતા ભરપૂર,
કાયા હતી ઘણી નાની,
આત્મબળ અદ્દભુત,
ને વર્યા મુક્તિ રમણી. ૩૬

હતા હતા, ઘણું હતા,
ન હતા, થઇ ગયા,
જૈન ધર્મના શૃંગાર,
મહાપુરુષ એ થઇ ગયા. ૩૭

પામ્યા પદવી અનેક,
વિભૂતિ વીર જિણંદની છેક,
જ્ઞાન ગીરા વહાવી જ્યાં ત્યાં,
અધિવેશનો અનેક. ૩૮

અદ્દભૂત ને વળી ઊંચા,
જિનશાસન શિર મોરચે,
વિરલ વ્યક્તિ જન્મશે,
ધર્મ, કર્મના મોરચે. ૩૯

બ્રહ્મચારી, બ્રહ્મજ્ઞાની,
નવકારના ગણનાર એ,
વિપુલ સિદ્ધિધારી,
મહાયોગી, યોગના અવતાર એ. ૪૦

દિપાવ્યું નિજ કુળ,
રાગી બન્યા એ ત્યાગના,
પરિણામ જુવે જગત,
શાસક શાસનતણા થયા. ૪૧

સંસાર અસારતા સમજી,
લીધો પોતે યોગ,
ચતુરવિધ સંઘના,
સુધાર્યા સંજોગ. ૪૨

સંક્રાંતી ફળ અને માંગલિક,
સંભળાવશે કોણ હવે ?
મંગલાચરણ શુભ આશીષ,
સાંભળશું ક્યાં હવે. ? ૪૩

સંવત ૨૦૧૦ ભાદ્રપદ વદ દશમે,
મળ્યો કાળધર્મ !
હાહાકાર મચી ગયો,
કો' ના પામ્યું મર્મ. ૪૪

જમનાદાસ છોટાલાલ
દૂધવાળા-વડોદરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવપદજીના પ્રાચીન ચૈત્યવંદનો

વિવેચનકાર પં. મ. શ્રી રામવિજયજી ગણિવર્ય

( ૨ )

## દ્વિતીય શ્રીસિદ્ધપદનું ચૈત્યવંદન-મૂલ તથા વિવેચન સાર્થ

**શ્રી શૈલેશી પૂર્વ પ્રાંત તનુ હીન ત્રિભાગી;**
**પુવ્વપઓગ પસંગસેં ઉરધ ગત જાગી. ૧**
**સમય એકમેં લોકપ્રાંત ગયે નિગુણ નિરાગી;**
**ચેતન ભૂપે આતમરૂપ સુદશા લહી સાગી. ૨**
**કેવલ દંસણ નાણથીએ રૂપાતીત સ્વભાવ;**
**સિદ્ધ ભયે તસુ હીરધર્મ વંદે ધરી શુભ ભાવ ૩**

અર્થ—શૈલેશીકરણ ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે શરીરમાં રહેલા આત્મપ્રદેશો તો ત્રીજે ભાગે ન્યૂન ઘન કરી પૂર્વપ્રયોગના પ્રસંગથી એક સમયે ઊર્ધ્વગતિગામી થયા એટલે કે નિર્ગુણ અને નિરાગી થયેલા આત્માએ લોકાંતને પ્રાપ્ત કર્યું; ચેતનરૂપ રાજાએ આત્મસ્વરૂપની સુંદર દશા-ઉત્તમ સ્વભાવ દશા મેળવી એટલે કેવલદર્શન અને કેવલજ્ઞાનથી રૂપાતીત સ્વભાવ જાગ્રત કર્યો (સિદ્ધ થયા); તેમને હીરધર્મ નામના મુનિ શુભ ભાવથી વંદન કરે છે.

### વિવેચન

મોક્ષ પ્રાપ્ત કરનાર આત્મા ચૌદમા અયોગી ગુણસ્થાનકે શૈલેશીકરણ એટલે મેરૂપર્વત જેવી સ્થિરતા પ્રાપ્ત કરે છે; યોગની સુપ્રવૃત્તિઓનું રૂંધન કરી અયોગી-અક્રિય બને છે; તેના દ્વિચરમસમયે એટલે મોક્ષ જવાના પૂર્વે એક સમયે આત્મપ્રદેશોનો ત્રિભાગ ન્યૂન ઘન કરે છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે-આપણા શરીરમાં જ્યાં સાત ધાતુ છે ત્યાં આત્માના પ્રદેશો વ્યાપ્ય થઇને રહેલા છે; તેમાં એક તૃતીયાંશ ભાગ પોલાણવાળો છે; ત્યાં આત્મપ્રદેશો નથી; જેમ કે પેટના પોલા વિભાગમાં, નાક તથા કાનના છિદ્રોમાં તેમજ હાડની પોલાણમાં વિગેરે સ્થાને આત્મપ્રદેશો નથી; જ્યારે આત્મા શરીરના સર્વ પ્રદેશોથી એક સમયમાં આઠ આઠ કર્મો દૂર કરી ઊર્ધ્વગમન કરે છે ત્યારે પોલો વિભાગ એક તૃતીયાંશ હતો તે આત્મપ્રદેશોથી પૂરાઇ જાય છે; ઔદારિક તૈજસકાર્મણ શરીરથી આત્મા બંધનમુક્ત થાય છે; જેમકે શ્રી પાર્શ્વનાથ ભગવાન નવ હાથના કાઉસગ્ગ મુદ્રાથી શ્રી સમેતશિખરજી ઉપર મોક્ષ ગયા ત્યારે પોલાણના ત્રણ હાથ બાદ કરતાં બાકીના છ હાથ પ્રમાણ આકાશાસ્તિકાયના પ્રમાણ પ્રદેશમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના આત્માએ અવકાશ કર્યો; એટલે છ હાથ પ્રમાણમાં એકલા શુદ્ધ આત્મપ્રદેશો રહ્યા; એક સમયમાં લોકાંતે ગયા. આ ચૌદમા ગુણઠાણાનો છેલ્લો સમય જાણવો; તે વખતે પૂર્વપ્રયોગ, ગતિપરિણામ, બંધનછેદ અને અસંગપણાના ચાર દૃષ્ટાંતો જાણવા; કુંભારનું ચક્ર, ધૂમશિખા, એરંડાનું પાકું ફળ અને કાદવ-માટીથી ખરડાયલું તુંબડું-આ ચાર ઉપનયો ઘટાડવા; વળી મોક્ષ પામનાર આત્મા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ જે શુભાશુભ કર્મથી સાધ્ય છે તે ત્રણે ગુણો આઠ કર્મક્ષય થતાં નાશ પામે છે; માટે 'નિર્ગુણ' નામનું સિદ્ધપરમાત્માનું વિશેષણ ઘટે છે; વળી પ્રભુ રાગદ્વેષ રહિત તો કેવલજ્ઞાની થયા ત્યારે જ થયા હતા; તેથી નિરાગી વિશેષણ પણ સંગત છે; શુદ્ધ ચૈતન્ય અનાવૃત થવાથી જીવ ગુણોનો સ્વામી 'સિદ્ધ' બને છે; વિભાવદશા નષ્ટ થવાથી સ્વભાવદશા પણ ઉપલબ્ધ થાય છે. કેવલજ્ઞાન તેમજ કેવલદર્શન વિગેરે ગુણોથી આઠે કર્મવડે જે જે ગુણોથી દબાયલા હતા તે કર્મના નાશ થવાથી એકેક ગુણ ખુલ્લો થયો છે; અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય એ ચાર ગુણ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મના ક્ષયથી પ્રકટ થયેલા જાણવા; વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય કર્મના ક્ષયથી અનુક્રમે અવ્યાબાધપણું, અરૂપીપણું, અગુરૂલઘુપણું અને અવિનાશીપણું પ્રગટ થયેલ છે; એમ આઠ ગુણવાળા ક્ષાયિક ભાવે પરમાત્મા થયા છે; એવા સિદ્ધપદની આરાધના હીરધર્મ નામના મુનિપુંગવ કરે છે-કરાવે છે. તેમજ શુદ્ધ ભાવથી સિદ્ધપદને વંદન-નમસ્કારાદિ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બ્રહ્મવિહાર–બૌદ્ધ ધ્યાનયોગનો એક લાક્ષણિક પ્રકાર

................[ લેખકઃ—પ્રોફેસર જયંતિલાલ ભાઈશંકર દવે. એમ. એ. ]................

'બ્રહ્મવિહાર' શબ્દ બૌદ્ધ દાર્શનિક સાહિત્યમાં ઘણે સ્થલે વપરાયેલો જોવામાં આવે છે. ખાસ કરીને તેનું વર્ણન **विसुद्धिमग्ग, परिच्छेद ९** मामां અને **करणीयमेत्तसूत्त**માં આવે છે. બ્રહ્મવિહાર એટલે ચાર ભાવનાઓ. આ ચાર ભાવનાઓના નામો અનુક્રમે, મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા છે. પાતંજલ યોગ પ્રમાણે આ ચારેય ભાવનાઓ અહિંસામાં અંતર્ગત થઈ જાય છે. જૈન દર્શનમાં પણ અહિંસાની વ્યાપક ભાવનામાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આવી જાય છે. ઉમાસ્વાતિવાચકના ગ્રંથ તત્ત્વાર્થસૂત્રમાં બ્રહ્મ શબ્દનો નકારાત્મક પ્રયોગ **अब्रह्म** તરીકે જોવામાં આવ્યો છે તે પણ સૂચક છે. તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૭, સૂત્ર ૧૧ મું આ પ્રમાણે છેઃ—

**मैथुनमब्रह्म ।**

એટલે કે મૈથુન પ્રવૃત્તિ તે અબ્રહ્મ. તો અહિં સ્વાભાવિક પ્રશ્ન એ થાય છે કે મૈથુનને અબ્રહ્મ શા માટે કહ્યું? બ્રહ્મ એટલે સાત્ત્વિક મનોવૃત્તિઓનો સમૂહ. આવા બ્રહ્મના પાલન પરથી અને અનુસરણથી સદ્‌ગુણો વધે. બ્રહ્મચર્ય શબ્દ પણ તે પરથી આવ્યો લાગે છે. એનાથી વિમુખ થવું એટલે અબ્રહ્મ થયું. ઘણુંખરૂં, મૈથુન એવી પ્રવૃત્તિ છે કે તેમાં પડતાં સાધુઓને ખાસ અને ગૃહસ્થધર્મીઓને પણ સત્ત્વ અને સદ્‌ગુણોના નાશનો ભય ઉત્પન્ન થાય છે અને દોષોની વૃદ્ધિ થાય તે હાંસલમાં.

બૌદ્ધ ધર્મ ગ્રંથોની ભાષા પાલી હોવાથી હું મૂળ ગાથાઓ નથી આપતો પણ તેનો સાર જ આપું છું. **करणीयमेत्तसूत्त**ની ગાથાઓ જે હું નીચે આપું છું તેમાં કેટલો ઊંચો નૈતિક આદર્શ છે?

### ગાથા

માતા જેમ પોતાના એકના એક પુત્રનું પોતાના પ્રાણના જોખમે પણ પાલન અને રક્ષણ કરે છે તેમ સાધકે પોતાનું મન સર્વ પ્રાણી માત્રમાં અપરિમિત પ્રેમથી ભરી રાખવું જોઈએ.

### ગાથા

મનમાંપ અરિમિત મૈત્રીની ભાવના કરવી. ઉપરની, નીચેની અને સર્વ દિશાઓને પ્રેમથી ભરી નાખવી. એ પ્રેમને કોઈ પણ સ્થળે અવરોધ નડવો ન જોઈએ. કોઈ પારકું અથવા પોતાનું ન હોવું જોઈએ.

### ગાથા

ઊભા હોઈએ, ચાલતા હોઈએ, બેઠા હોઈએ, કે પથારી ઉપર સુતા હોઈએ અને ઊંઘ ન આવતી હોય; બધી શરીરની અવસ્થાઓમાં મૈત્રીની આ ભાવના જાગૃત રાખવી; કારણ કે પંડિતો એને જ 'બ્રહ્મવિહાર' કહે છે.

દુઃખિત લોકો તરફ સહાનુભૂતિ રાખવી તેને કરુણા કહે છે. પુણ્યશાલી જીવોને જોઈએ ત્યારે આપણા હૃદયમાં આનંદ થવો જોઈએ તેને મુદિતા કહે છે અને અપુણ્યાત્માઓને જોઈને તેનો તિરસ્કાર ન કરતાં તે લોકો પણ સત્કર્મથી પુણ્યાત્મા થશે એવો સમભાવ રાખવો તે ઉપેક્ષા ભાવના કહેવાય છે.

હવે પ્રકારાંતરે આ જ વાત શ્રી હરિભદ્રસુરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચયમાં આપણે જોઈ શકીએ. પ્રથમ યોગદૃષ્ટિને **મિત્રાદૃષ્ટિ** કહે છે. જે સાધકને **મિત્રાદૃષ્ટિ** પ્રાપ્ત થઈ હોય છે તેમનામાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવો જાગૃત થઈ ગયેલા હોય છે અને તેમના ચારિત્ર્યમાં એ મૂર્તિમંત થયેલા જોવામાં આવે છે. ટૂંકામાં આત્માર્થી અથવા આધ્યાત્મિક જીવન ઉપરોક્ત ભાવનાઓના વિકાસ વગર અશક્ય છે.

## ફલિતાર્થ અને ફલશ્રુતિ.

'બ્રહ્મવિહાર' શબ્દનો તાત્પર્યાર્થ સમજવામાં વિદ્વાનોમાં કાંઈક મતભેદ દેખાય છે. પંડિત બલદેવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાધ્યાયકૃત **बौद्धदर्शन** માં પૃષ્ઠ ૪૦૬ પર તે લખે છે કે **चार ब्रह्म विहारों के नाम हैं मैत्री, करुणा, मुदिता तथा उपेक्षा। इनकी ‘ब्रह्म-विहार’ संज्ञा सार्थक है क्योंकि इन भाव-नाओं का फल ब्रह्मलोक में जन्म लेना तथा उस लोक की आनंदमय वस्तुओं को उपभोग करना है।** એટલે કે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આ ચાર બ્રહ્મવિહારનાં નામ છે. આ નામ સાર્થક છે કારણ કે આ ભાવનાઓ ભાવવાથી બ્રહ્મલોકમાં જન્મ લઈ બ્રહ્મલોકની આનંદમય વસ્તુ-ઓનો ઉપભોગ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. બ્રહ્મવિહારનો આવો અર્થ ઘટાવવો સયુક્તિક લાગતું નથી. ખરી રીતે આ ભાવનાઓ તો ધ્યાનયોગનાં અંગો છે અને એ જ મુખ્ય વસ્તુ છે. બ્રહ્મલોકનો આનંદોપભોગ મળે એ ગૌણ વસ્તુ છે.

હવે પ્રોફેસર ધર્માનંદ કોસાંબીનો અભિપ્રાય તપાસીએ. શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની આજ્ઞાથી, તેમણે વ્યાખ્યાનો આપ્યાં હતાં તે **બુદ્ધધર્મ અને સંઘ** એ નામથી છપાઇને પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં છે એક વખત બ્રહ્મદેવ બુદ્ધ આગળ પ્રકટ થયાની વાત બુદ્ધના જીવનપ્રસંગોમાં આવે છે તેને લક્ષ્યમાં રાખીને પ્રો. ધર્માનંદ કોસાંબી નીચે પ્રમાણે કહે છેઃ—

“ગૃહસ્થો! આ ઉપરથી જણાશે કે બ્રહ્મદેવ એટલે મૈત્રી, કરુણા, મુદિતા અથવા ઉપેક્ષા, એ ચાર-માંહેની કોઇ પણ મનોવૃત્તિ છે. મા જેમ ધાવણા બાળકનું પ્રેમથી( મૈત્રી )થી પાલન કરે છે, તે માંદું પડી જાય ત્યારે કરુણાથી તેની માવજત કરે છે, વિદ્યાભ્યાસ વગેરેમાં કુશળતા પ્રાપ્ત કરી હોય તો તેના પ્રત્યે આનંદનો ઉમળકો લાવીને તેને હર્ષથી પંપાળે છે, અને આગળ જતાં તે પોતાનો સંસાર સ્વતંત્ર-પણે ચલાવવા માંડે કે પોતાની ઇચ્છાથી વિરુદ્ધ જઇને ચલાવે ત્યારે તેની ઉપેક્ષા કરે છે. પણ માતા પુત્રનો કદી દ્વેષ કરતી નથી અથવા તેને સહાય ન કરે એવું બનતું નથી. તેવી જ રીતે મહાત્માઓ આ ચાર ભાવનાઓથી પ્રેરાઇને જનસમૂહનું કલ્યાણ કરવા માટે હમેશાં તત્પર હોય છે. જે બ્રહ્મદેવને લોકો પિતામહ કહે છે, તે બીજો કોઇ જ નહિ પણ મૂર્તિ-મંત આ ચાર મનોવૃત્તિઓ જ; માટે બુદ્ધ પાસે બ્રહ્મદેવ આવ્યા, તેનો તત્ત્વાર્થ એ જ છે કે આ ચાર શુભ મનોવૃત્તિઓ અથવા ભાવનાઓ, બુદ્ધના હૃદયમાં વિકાસ પામી.”

પ્રો. ધર્માનંદ કોસાંબીએ બ્રહ્મદેવનો જે અર્થ ઘટાવ્યો છે તે વધારે સયુક્તિક દેખાય છે અને બ્રહ્મ-વિહારનો અર્થ તે શબ્દથી સાથે વધારે સુસંગત બને છે. તેથી અમારા નમ્ર મત પ્રમાણે પ્રો. બલદેવ ઉપાધ્યાયે કરેલ અર્થ યોગ્ય એટલે સયુક્તિક દેખાતો નથી.

જગત્ના તમામ ધર્મોમાં એક અથવા બીજી રીતે આ ચાર ભાવનાઓનો સ્વીકાર થયેલો જોવામાં આવશે, કારણ કે એક વાત તો સ્પષ્ટ છે કે જૈન-દર્શન પોકારી પોકારીને કહે છે કે–રાગ અને દ્વેષ એ મિથ્યાત્વનાં ખાસ લક્ષણ છે. જ્યાં રાગ અને દ્વેષ હોય ત્યાં મૈત્રી ક્યાંથી સંભવે? અને કરુણા, મુદિતા પણ ક્યાંથી હોય? વળી આ રાગદ્વેષથી માધ્યસ્થભાવ અને ઉપેક્ષા કેવી રીતે ઉપજે? ક્રોધ, દ્વેષ, મત્સર એ તો આત્માના ઊંડા દુશ્મન છે. આત્મ–ધ્યાન કરનાર માટે તો ક્ષમા, શાંતિ, ભૂતદયા અને સત્યનું અનુશીલન જોઇએ, તે સિવાય અંતઃકરણશુદ્ધિ થવી અશક્ય છે. શુદ્ધ અંતઃકરણ વગર ધ્યાનયોગ ક્યાંથી થાય? આ વાત જેમ આત્માર્થીએ લક્ષ્યમાં રાખ-વાની છે તેમ વ્યવહારમાં પડેલા વ્યવસાયી માણ-સોએ પણ ધ્યાનમાં રાખવા જેવી છે. વ્યાવહારિક જીવન જેટલું પ્રામાણિક, સત્યનિષ્ઠ, પ્રેમ તથા દયાથી ભરેલું અને પરોપકારી તેટલું તેવું જીવન જીવનારને પણ હિતકર છે એટલું જ નહિ પણ સમસ્ત સમાજ અને જગતને માટે પણ ઉપકારક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકપ્રિય થવાની કળા

* * * * * * * * * * * વિઠ્ઠલદાસ મૂ. શાહ. બી. એ.

"The power to please is a great success asset. It will do for you what money will not do. It will often give you capital which your financial assets would not warrant. People are governed by their likes and dislikes. We are powerfully influenced by a pleasing, charming, personality. A persuasive manner is often irresistible. Even judges on the bench feel its fascination."

"અન્યને પ્રસન્ન કરવાની શક્તિ એ લોકપ્રિય થવાની અથવા વિજય પ્રાપ્ત કરવાની એક મહાન બક્ષિસ છે. જે પૈસાથી સાધ્ય થઇ શકતું ન હોય તે તેનાથી તમે સાધ્ય કરી શકશો. તેનાથી તમે આર્થિક સંપત્તિ કરતાં વધારે વૈભવ પ્રાપ્ત કરી શકશો. રુચિકર અને અરુચિકર વસ્તુઓ લોકો પર સામ્રાજ્ય ભોગવે છે. રમ્ય અને આનંદપ્રદ વ્યક્તિત્વને આપણે સંપૂર્ણપણે આધીન થઇએ છીએ. આકર્ષક પ્રોત્સાહક રીતભાત ઘણી વખત દુર્ધર્ષ થઇ પડે છે. ન્યાયાસન પર બેઠેલા ન્યાયાધીશો પણ તેની મોહિનીને વશ થાય છે."

લોર્ડ ચેસ્ટરફિલ્ડે બીજાને પ્રસન્ન કરવાની કળાને એક મહાન બક્ષિસ ગણી છે. તે એક મહાન શક્તિ છે એ નિર્વિવાદ વાત છે. જો તમને લોકપ્રિય થવાની ઇચ્છા હોય તો તમારે લોકોને રુચિકર અને અનુકૂળ થાય તેવી વૃત્તિ ધારણ કરવી જોઇએ. તેમજ વિનોદી, ચિત્તરંજક સ્વભાવના થવું જોઇએ. તમારા સહવાસથી લોકોને આનંદ નહિ થાય તો તેઓ તમારાથી દૂર રહેવા યત્ન કરશે, પરંતુ જો તમારો સ્વભાવ માયાળુ અને આનંદી હશે, જો તમે દરેક દિશામાં પ્રકાશ પ્રસરાવી શકતા હશો કે જેથી કરીને લોકો તમારાથી દૂર નાસી જવાને બદલે તમારા મેળાપ માટે અવિચ્છિન્ન યત્ન કરશે, તો લોકપ્રિય થવાનું કાર્ય તમને લેશ પણ મુશ્કેલીભર્યું જણાશે નહિ. લોકોને તમારા તરફ આકર્ષવાનો સૌથી સરલ અને ઉત્તમ માર્ગ એ છે કે તમે તેઓમાં તેમજ તેઓનાં કાર્યોમાં ઉલ્લાસપૂર્વક રસ લ્યો છો એવી તેઓને ખાતરી કરાવવી જોઇએ. આ કામ તમારે ખરા અંતઃકરણપૂર્વક કરવું જોઇએ, નહિ તો તેઓ તમારા દંભ અને છલકપટને સત્વર શોધી શકશે. એક યુવક જે કાંઈ કરે છે અને ભવિષ્યમાં કરવા ધારે છે તેમાં તમને ખરેખરો રસ પડે છે એમ તેને ખાતરી કરાવવાથી તેનું હૃદય તમે જેવું જીતી શકો છો તેવું બીજા કશાથી થવું અશક્ય છે. તમે લોકોથી દૂર રહેશો તો તેઓ તમારાથી દૂર રહેશે એમાં લેશ પણ સંદેહ નથી. તેમજ જો તમે હમેશાં તમારા પોતાની વિષે અને તમારા કાર્યો વિષે વાતો કર્યા કરશો તો તમે જોશો કે લોકો તમારાથી દૂર રહેવા યત્ન કરશે. આનું કારણ એ છે કે તેમ કરવાથી તમે તેઓને ખુશી કરતા નથી. તમે તેઓના કાર્યોમાં રસ લેવાનું અને તેઓની વિષે વાતો કરવાનું શરૂ કરો તેવી તેઓની આશા અને ઇચ્છા હોય છે.

જો તમે હમેશાં શોગીયો ચહેરો ધારણ કરશો, જો તમારો સ્વભાવ ચીડીયો હશે તો તમે તમારા સેવક વર્ગમાં તેમજ અન્ય જનોમાં પ્રિય નથી થઇ પડવાના તેથી તમારે આશ્ચર્ય પામવા જેવું નથી. પ્રત્યેક માણસને આનંદી ચહેરો પસંદ છે. આપણને હમેશાં પ્રકાશમાં રહેવું જ ગમે છે અને આપણે અંધકારમાંથી નાસી જવા ઇચ્છીએ છીએ.

ઘણા માણસો એમ ધારે છે કે ખરેખરી કેળવણી અને સંસ્કૃતિનો મોટો ભાગ કેવળ દંભ અને ઢોંગ જ હોય છે; તેઓ એવી દલીલ કરે છે કે જો કોઈ માણસ પ્રમાણિક હોય, શ્રેષ્ઠ ગુણોથી અલંકૃત હોય, સત્યનિષ્ઠ હોય તો તેના બાહ્ય દેખાવની ગણના કર્યા વગર લોકો તેને માન આપશે અને તે લોકપ્રિય થઇ પડશે. આ દલીલ અમુક અંશે જ સાચી છે. અનાવિદ્ધ અને અસંસ્કૃત રત્નની બાબતમાં જે સત્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે

# એકવીશમા શ્રી શુદ્ધમતિ જિન સ્તવન

( સં.—ડાકટર વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી )

**શ્રી શુદ્ધમતિ હો જિનવર પૂરવો,**
**એહ મનોરથમાલ;**
**સેવક જાણી હો મહેરબાની કરી,**
**ભવસંકટથી ટાલ. ૧**

**સ્પષ્ટાર્થ:**—શ્રી શુદ્ધમતિ જિનેશ્વર ! અમારી મનોરથમાળા પૂરી કરો: મને તમારો સેવક જાણી મહેરબાની કરી ભવસંકટથી ઉગારો. ૧

**પતિતઉદ્ધારણ હો તારણવચ્છલુ,**
**કરે અપણાયત એહ;**
**નિત્ય નિરાગી હો નિ:સ્પૃહ જ્ઞાનની,**
**શુદ્ધ અવસ્થા દેહ. ૨**

**સ્પષ્ટાર્થ:**—જેને તમારા વચનની સમ્યક્ પ્રકારે રુચિ પ્રતીત છે તેને તું સંસારસમુદ્રથી ઉદ્ધારવાવાળો અને વાત્સલ્યતા રાખી તારવાવાળો છે તો અમને પોતાના જાણી અપણાયત કર. પ્રભુ ! તું નિત્ય નિરાગી, પરજન–પરવસ્તુની સ્પૃહા રહિત જ્ઞાનમય શુદ્ધ અવસ્થાવંત છે અને તમારો શુદ્ધ જ્ઞાયક દેહ છે. ૨

**પરમાનંદી હો તું પરમાતમા,**
**અવિનાશી તુજ રીત;**
**એ ગુણ જાણી હો તુમ વાણીથકી,**
**ઠહરાણી મુજ પ્રીત. ૩**

**સ્પષ્ટાર્થ:**—પ્રભુ ઉત્કૃષ્ટ આનંદવંત પરમાત્મા છો. આત્મા તો જીવ માત્ર કહેવાય છે પણ તે પોતે પોતાના પરમભાવ ભોગી નથી. પણ પ્રભુ અખંડ સમય પરમ સ્વતંત્ર ભાવ ભોગી માટે પરમાત્મા છો. તમે જે સ્વભાવ આનંદ લેવાની રીત ગ્રહી, તે તમારી રીતે અવિનાશ છે. એ ગુણ તમારી વાણીથી મેં જાણી અન્યથા પ્રીત તોડી તમારાથી પ્રીત જોડી છે. ૩

**શુદ્ધ સ્વરૂપી હો જ્ઞાનાનંદની,**
**અવ્યાબાધ સ્વરૂપ;**
**ભવજલનિધિ હો તારક જિનેશ્વરુ,**
**પરમ મહોદય ભૂપ. ૪**

**સ્પષ્ટાર્થ:**—પ્રભુ સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવે પૂર્ણ શુદ્ધ સ્વરૂપી જ્ઞાનાનંદમય જ્ઞાનાનંદી છો, સકલ સમય અવ્યાબાધમયી છો. હે જિનેશ્વર ! તમે ભવદરિયેથી ભવ્યને તારવાવાળા છો, અને પૂર્ણ સિદ્ધિપદરૂપ પરમ મહોદય પદવીના રાજા છો. ૪

**નિરમમ, નિસંગી હો નિરભય અવિકારતા,**
**નિરમલ સહજ સમૃદ્ધિ;**

---

લાગુ પડે છે તે અસંસ્કૃત મનુષ્યની બાબતમાં પણ લાગુ પડે છે. રત્નનું મૂલ્ય ગમે તેટલું હોય તો પણ કોઇ પણ માણસને અસંસ્કૃત રત્નો ધારણ કરવા ગમશે જ નહિ. કોઇ માણસ પાસે એવાં રત્નો લાખ રૂપિયાની કીંમતના હોય તો પણ જ્યાં સુધી તે સંસ્કૃત અને સ્વચ્છ થયેલાં નહિ હોય ત્યાં સુધી કોઇ તેની કીંમત કરશે નહિ. બિનઅનુભવી દૃષ્ટિ આવાં રત્નો અને પથ્થરનાં કટકાનો ભેદ જોઇ શકશે નહિ, પરંતુ યોગ્ય સંસ્કાર થયા પછી તેમાંથી જે સૌંદર્ય અને ચળકાટ નીકળે છે તેના પ્રમાણે જ તેની કીંમત અંકાય છે. તેવી જ રીતે કોઇ માણસ અનેક પ્રશસ્ય ગુણોથી વિભૂષિત હોય, પરંતુ જો તેના બાહ્ય દેખાવ વિરૂપ હશે તો તે ગુણ તેની અંતર્ગત કીંમતથી રહિત થઇ જશે. માત્ર તીક્ષ્ણ અવલોકન શક્તિવાળા માણસો અને ચારિત્ર્યના પ્રવીણ પરીક્ષકોના જ જોવામાં તે ગુણો આવશે. જેમ અનાવિદ્ધ અને અસંસ્કૃત રત્નની કીંમત યોગ્ય સંસ્કાર પછી જ થાય છે તેમ અસંસ્કૃત મનુષ્યરૂપી રત્નની કીંમત કેળવણીરૂપી સંસ્કારથી જ થાય છે

( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અષ્ટ કરમ હો વન દાહથી,**
**પ્રગટી અન્વય રિદ્ધિ. ૫**

સ્પષ્ટાર્થ:—તમારે કોઇ પરદ્રવ્ય ગુણ પર્યાયનું મમત્વ નથી તેમ તેનો સંગ પણ નથી, તેથી ભય અને કોઇ પ્રકારનો વિકાર પણ નથી. અને તમારે રાજઋદ્ધિ અનંતી સહજ સ્વતંત્ર નિર્મલ છે. અષ્ટ-કર્મરૂપ વન ધ્યાનાગ્નિ ધમી પ્રજ્વલ્યું તેથી તમારે જ્ઞાનાદિ અખૂટ નિર્મળ રિદ્ધિ પ્રગટ થઇ છે તે અનંત કાળ સુધી ખરચ્યાં છતાં પણ ખૂટે નહિ તેવી છે. ૫

**આજ અનાદિની હો અનંત અક્ષતા,**
**અક્ષર, અનક્ષર રૂપ;**
**અચલ અકલ હો અમલ અગમનું,**
**ચિદાનંદ ચિદ્રૂપ. ૬**

સ્પષ્ટાર્થ:—પ્રભુજી, આજ તમારે અનાદિની સત્તાગતે અક્ષયપણે રહેલી અનંત રિદ્ધિ અને શકિત વ્યકત થઇ છે. તે અક્ષર અને અનક્ષરરૂપ કહેતાં, વચન અક્ષરપણે અનંતી કહી શકાય એવી અક્ષર રિદ્ધિ અને તેથી અનંતગુણી વચન–આલાપમાં ન આવે એવી અનક્ષર રિદ્ધિ સ્વતંત્ર પ્રગટ થઇ છે તેથી તમે અચલ તથા અગમ કહેતાં છદ્મસ્થ જીવોને તમારા સ્વરૂપની–છદ્મસ્થ જ્ઞાને પૂર્ણ ગમ ન પડે તથા છદ્મસ્થ મતિએ કરી તમારું રૂપ રિદ્ધિ અને આનંદ કળી શકાય નહિ, તથા તમારું રૂપ રિદ્ધિ પૌદ્ગલિક અન્ય પદાર્થો ભેગું મળી જાય નહીં તેથી તમે અમલ એવા જ્ઞાનાનંદમય જ્ઞાનરૂપ છો. ૬

**અનંત જ્ઞાની હો અનંત દર્શની,**
**અનાકારી અવિરુદ્ધ;**
**લોકાલોક હો જ્ઞાયક સુહંકરુ,**
**અનાહારી સ્વયંબુદ્ધ. ૭**

સ્પષ્ટાર્થ:—તમે અનંત જ્ઞાની અને અનંત દર્શનવંત છો તથા આકાર રહિત સ્વપર જીવથી અવિરુદ્ધ લોકાલોકના જ્ઞાતા–દ્રષ્ટા સકલ જીવોને સુખના કારણ છો. તમારે કાંઇ પણ આહારની જરૂર રહેતી નથી, તેથી અનાહારી છો. પોતે પોતાથી જ બોધ પામેલા માટે સ્વયંબુદ્ધ છો. ૭

**જે નિજ પાસે હો તે શું માગીએ?**
**દેવચંદ્ર જિનરાય;**
**તો પણ મુજને હો શિવપુર સાધતાં,**
**હોજો સદા સુસહાય. ૮**

સ્પષ્ટાર્થ:—જ્ઞાનાનંદાદિ અનંત કાર્યોની સત્તા અમારી અમારા પાસે જ છે તો પ્રભુજી પાસે શું માગીએ? પણ દેવોમાં ચંદ્રમા સમાન હે જિનરાજ! અમને મોક્ષમાર્ગ સાધતાં સદાયે તમે સુસહાય થજો. ૮

---

# વર્તમાન સમાચાર.

## મુંબઇ મોતીશાહ પાર્કમાં ખાતમુહૂર્ત્ત શિલારોપણ વિધિ.

પૂ. પા. આચાર્ય ભગવંત શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના સમાધિ મંદિરનું ખાતમુહૂર્ત ઘણી ધામધૂમ સાથે માગશર શુદ ૬ ના રોજ બુધવારે સવારે ૭–૧૫ મીનીટે શેઠશ્રી ભોગીલાલ લેહેરચંદના શુભહસ્તે કરવામાં આવ્યું હતું, શેઠ ભોગીલાલ શેઠ તેમજ શેઠ સકરચંદ મોતીલાલ, શેઠ ચંદુલાલ વૃદ્ધમાન, શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી., શાંતિલાલ મગનલાલ, રતીલાલ જીવણલાલ, શ્રી ધીરજલાલ જીવનલાલ, રતીલાલ કોઠારી, શ્રી જેસંગલાલ લલ્લુભાઇ, પાલીનિવાસી શેઠ કાનમલજી કુંદનમલજી અને પંડિત હંસરાજજી વિગેરે અનેક ભકતોની તેમજ લાલબાગ ઉપાશ્રયથી આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી, ઉપાધ્યાયજી શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ પં. શ્રી વિકાસવિજયજી મહારાજાદિ મુનિવરો પણ ત્યાં પધાર્યા હતા અને સ્નાત્ર પણ ભણાયું હતું.


---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री वल्लभ सद्गुरुभ्यो नमः ॥

# श्री वल्लभनिर्वाण कुंडलीगायन




रचयिता—श्रीयुत् हस्तीमल कोठारी सादडी (मारवाड़)

(तर्ज-छोड़ गये महावीर मुझे आज अकेला छोड़ गये।)

मेरे श्रीसंघ क सिरताज, अब कहाँ सिधारे राज।
मरूघर की आँखों के तारे, पंजाबियों के प्राण।
भारत का था कल्पतरुवर, गुर्जर प्रगट्यो भाण ॥ मेरे० ॥ १ ॥
वल्लभ तेरा नाम अनुपम, जग वल्लभ कहलाया।
लाखों मनुज का नायक थां, यहाँ लाखों का दिल बहलाया॥मेरे० ॥२॥
वृद्ध आयु तक देव तेने, जिन धर्म की सेवा कीनी।
श्रावक संघ के अभ्युदयहित, संस्थायें स्थापन कीनी ॥ मेरे० ॥३॥
कर्क लगन में चंद्र गुरु संग, गुरुवर स्वर्ग सिधारे।
कन्या का रवि त्रीजे भवन में, दिव्य पराक्रम धारे ॥ मेरे० ॥४॥
शुक्र शनैश्चर चौथे भवन में, बुध भी साथ कहावे।
मंगल राहु छट्ठे भवन में, केतु बार में ठावे ॥ मेरे० ॥५॥
धर्म-भवन का स्वामी सुरगुरु, उच्च लगन में बैठा।
चंद्र शुक्र निज घर के स्वामी, शनी उच्च बन बैठा ॥ मेरे० ॥६॥
मंगल राहु रवि त्रीजे छट्ठे, ये सब शुभ फलकारी।
उच्च गति को प्राप्त करावे, ग्रह बल के अनुसारी ॥ मेरे० ॥७॥
छोड़ हमें गुरु स्वर्ग के सुख में, तेरा जी ललचाया।
आसो वदि दशमी की रात्रि, गुरुवर स्वर्ग सिधाया ॥ मेरे० ॥८॥
मंगलवारे, पुष्य ऋषि के, प्रथम चरण में जावे।
मुंबई शहर की लाखों जनता, गुरुवर शोक मनावे ॥ मेरे० ॥९॥
भाग्य हुआ कुछ अल्प हमारा, वल्लभ सूर्य गमाया।
हस्ती श्री गुरुराज चरण में, सादर सीस झुकाया ॥ मेरे० ॥१०॥

प्रकाशकः—चंदनमल लालचंद-पारसी गली.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર–સમાલોચના

**૧. પવિત્રતાના પથ પર. ૨. સંપત્તિનો નશો.** બંને ગ્રંથોના લેખક. પૂ. વિદ્વાન **પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી** ગણિવર છે. સમય–જમાનાને અનુકૂળ, સાદી, સરળ, ગુજરાતી ભાષામાં બાળમાનસને અસરકારક નિવડે તે રીતે આ બંને ગ્રંથો પંન્યાસજી મહારાજે લખ્યા છે. જેમાં પ્રથમ પુસ્તકમાં બોધપ્રદ સંવાદો, પ્રહસનો તથા સુભાષિતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે, જેથી લઘુ વયના બાલક, બાલિકાઓને સદુપદેશ કે શુદ્ધ આચરણ માટે તે જલદી અસર કરે છે. આજે ઘણી સંસ્થા મેળાવડા વગેરેમાં સંવાદો એક યા બીજી રીતે સમાજ પાસે રજૂ કરે છે, જેથી આવા લઘુ ગ્રંથો ધાર્મિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના જીવનમાં શરૂઆતથી સંસ્કાર જન્માવે છે. બીજા ગ્રંથમાં કેટલાક બોધપ્રદ સંવાદો છે કે જે બાળકો માટે ઉપયોગી થઇ પડ્યા છે કારણ કે ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે સ્થળોએ મહારાજશ્રીની અનુમતિથી ભજવાયા હોવાથી બહુ જ લોકપ્રિય થઇ પડ્યા છે અને જ્ઞાન સાથે ગમ્મત આપે છે. આવી આવી લઘુ અને બોધપ્રદ અને વર્તમાનકાળને યોગ્ય રુચિકર પુસ્તિકા જૈન સમાજમાં ઉપકારક થઇ પડી છે. કિંમત દરેકની બાર બાર આના. પ્રકાશક–**જૈન-સાહિત્ય પ્રચારણી સભા–જુનાગઢ.**

**૩. પ્રેમવાણીનો પ્રતિકાર.** લેખક–પૂ. **પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવર.** એક બાજુ જ્યારે જૈન ધર્મના દરેક ફીરકાની અકયતા માટે જમાનાને અનુસરી વિદ્વાનો અને અન્ય સમાજના બંધુઓ તેને ઇચ્છે છે, પ્રયત્ન કરવા લેખો અને ભાષણોદ્વારા એકત્ર મેળાવડો કરી સંગઠ્ઠન કરવા મથે છે, ત્યારે એક સ્થાનકવાસી વિદ્વાન ગણાતાં શ્રી પ્રેમચંદજી મહારાજ રાજકોટમાં પોતાના વ્યાખ્યાનમાં દેવદ્રવ્ય અને મૂર્ત્તિપૂજા સંબંધી શાસ્ત્રવિરુદ્ધની પ્રરૂપણા, અને આક્ષેપો કરી તેને પુસ્તકરૂપે પ્રસિદ્ધિમાં મૂકી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘની લાગણીને સખ્ત આઘાત પહોંચાડ્યો છે. મુનિ શ્રી પ્રેમચંદજી જૈનોના તમામ ફીરકાના સંગઠ્ઠન માટે પ્રયત્ન ચાલે છે તે તેઓશ્રીની ધ્યાનમાં હોય જ છતાં જમાનાને પ્રતિકૂળ વર્તન કરી તેમાં કેમ વિક્ષેપ નાંખે છે તે સમજાતું નથી. ખેર! આવી એક મ્હોટી મૂર્ત્તિપૂજક સમાજને શાસ્ત્રથી વિરુદ્ધ મનસ્વીપણે જે આક્ષેપ કર્યો છે તેનો અવશ્ય પ્રતિકાર થવો જ જોઇએ, તેથી લેખક પંન્યાસજી મહારાજે શાંતિપૂર્વક, સરલ રીતે શ્રી આગમો અને પૂર્વાચાર્યોરચિત ગ્રંથોની સહાદતો આપી વિદ્ત્તાભરી રીતે પ્રતિકાર કર્યો છે જે વાંચવાની સર્વને જરૂર છે. જાણવા પ્રમાણે પંજાબના અંબાલા, બડોત, દોઘટ, આગ્રા, ભરતપુર વગેરે સ્થળોમાં સ્થાનકવાસી સાધુ, સાધ્વીની દેરીઓ, સ્તૂપો, પાદુકાઓ છે તેને સ્થાનકવાસી જૈનો પૂજે છે. ધૂપ, દીપ કરી સુખડ ચડાવે છે વગેરે હકીકતથી મુનિ પ્રેમચંદજી અજાણ્યા કેમ હોઇ શકે? છતાં અને વર્તમાનકાળમાં જૈનોના ફીરકાના સંગઠ્ઠન માટે પ્રયત્નો ચાલતા હોય, તે વખતે જ સ્થા. મુનિ શ્રી પ્રેમચંદજી બીજા ફીરકાને આઘાત લાગે તેવા શાસ્ત્રવિરુદ્ધના જ આક્ષેપો કરે તે ખેદનો વિષય છે. પૂ. પંન્યાસજી મહારાજે પ્રેમવાણીનો આ પ્રતિકાર જરૂરી, વખતે કરેલ હોવાથી તે માટે જૈન સમાજ તેઓશ્રીની આભારી છે. પ્રકાશક શ્રી તપા જૈનસંઘ–રાજકોટ. કિંમત અમૂલ્ય.

---

**શ્રી મોક્ષમાર્ગ પ્રકાશના કિરણો**–મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્ર ઉપર શ્રી કાનજીસ્વામીએ કરેલા પ્રવચનોનો સાર આ ગ્રંથમાં આપેલો. ગ્રંથના મૂળકર્ત્તા પંડિતપ્રવર શ્રી ટોડરમલજી (દિગંબરી જૈન) છે જેનો આ બીજો ભાગ છે. જેમાં બાર વિભાગો આવેલા છે.

**શ્રીમદ્ રાજચંદ્ર** (પ્રકાશના કિરણો) પ્રકાશક. શ્રી જગજીવનદાસ શિવલાલ દેશાઇ–સાયલા. મૂલ્ય આઠ આના. શ્રી રાજચંદ્ર વિષે પ્રકાશિત લેખો પ્રકાશકે આ ગ્રંથમાં પ્રકટ કરેલા છે, જેથી શ્રીમદ્ રાજચંદ્ર જેવા જ્ઞાની પુરુષને ઓળખવા માટે ઉપયોગી છે. શ્રી રાજચંદ્ર જેમ એક પ્રમાણિક પુરુષ હતા તેમ તેમનું આત્મજ્ઞાનીપણું તેમના લેખો પત્રો વાંચતા પ્રશંસાપાત્ર જણાય છે, તેમનું જીવન પણ અધ્યાત્મી હતું તે તેમના ગ્રંથો પરથી જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભાનું મેમોરેન્ડમ ઓફ

# એસોશીએશન

૧. સંસ્થાનું નામ "શ્રી જૈન આત્માનંદ સભા" રાખ્યું છે.

૨. સંસ્થાની મુખ્ય ઓફીસ શહેર ભાવનગરમાં રહેશે.

૩. સંસ્થાનો ઉદ્દેશ નીચે પ્રમાણે છે.

જૈન શાસ્ત્રો અને સાહિત્યનો ફેલાવો જૈન તેમજ જૈનેતરોમાં, ભારત તેમજ પરદેશમાં થાય તથા સમાજમાં જ્ઞાન તથા ધાર્મિક તથા વહેવારીક કેળવણી વધે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ સફળ કરવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી એ આ સંસ્થાનું કાર્યક્ષેત્ર છે.

૪. કાર્યવાહક સમિતિ (ગવર્નીંગ બોડી) નીચે મુજબ બનશે.

| નામ | ધંધો | ઠેકાણું |
|---|---|---|
| ૧. શેઠશ્રી ગુલાબચંદ આણંદજી કાપડીયા, પ્રમુખ | નિવૃત્ત | સાકરલાલ ફોજદારનો ખાંચો, ભાવનગર |
| ૨. શેઠશ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ, ઉપપ્રમુખ | વેપારી | રેશમ બજાર, મુંબઈ |
| ૩. શ્રી ખીમચંદ ચાંપશીભાઈ શાહ, એમ. એ. ઉપપ્રમુખ | નિવૃત્ત | ઓન. પ્રિન્સિપાલ મહિલા કોલેજ, ભાવનગર |
| ૪. શેઠશ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી, મંત્રી | વિમાએજન્ટ | સુતારશેરી, ભાવનગર |
| ૫. ,, વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ. મંત્રી | શિક્ષક | આહુની બારી, ભાવનગર |

For Private And Personal Use Only

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | શેઠશ્રી | જાદવજી ઝવેરભાઈ શાહ, મંત્રી | વેપારી | કૃષ્ણનગર, ભાવનગર |
| ૭ | ,, | રમણલાલ અમૃતલાલ સુખડીયા, ટ્રેઝરર | ,, | ,, |
| ૮ | ,, | હરીલાલ દેવચંદ શેઠ | પત્રકાર | વડવા, ભાવનગર |
| ૯ | ,, | સાકરલાલ ગાંડાલાલ ભાવસાર | કોન્ટ્રાકટર | સ્ટેશન રોડ, ભાવનગર |
| ૧૦ | ,, | ગુલાબચંદ લલ્લુભાઈ શાહ | પ્રીન્ટીંગ પ્રેસ | દાણાપીઠ, ભાવનગર |
| ૧૧ | ,, | ભાઇચંદ અમરચંદ શાહ, બી. એ. એલ.એલ. બી. | એડવોકેટ | કૃષ્ણનગર, ભાવનગર |
| ૧૨ | ,, | મોહનલાલ જગજીવન સલોત | વેપારી | ઊંડીવખાર, ભાવનગર |
| ૧૩ | ,, | હરજીવન નથુભાઈ શાહ | ,, | ,, |
| ૧૪ | ,, | હીરાચંદ હરગોવિંદ શાહ | ,, | કાપડ બજાર, ભાવનગર |
| ૧૫ | ,, | નગીનદાસ હરજીવનદાસ શાહ | ,, | દાણાપીઠ, ભાવનગર |
| ૧૬ | ,, | દેવચંદ દુર્લભદાસ શાહ | ,, | ગોળ બજાર, ભાવનગર |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

# બંધારણ

### નામ.

૧. આ સંસ્થાનું નામ " **શ્રી જૈન આત્માનંદ સભા** " રહેશે.

### કાર્યાલય.

૨. આ સંસ્થાનું મુખ્ય કાર્યાલય ભાવનગર શહેરમાં રહેશે.

### ઉદ્દેશ.

૩. જૈન શાસ્ત્રો અને સાહિત્યનો ફેલાવો જૈન તેમજ જૈનેતરોમાં ભારત તેમજ પરદેશમાં થાય તથા સમાજમાં જ્ઞાન તથા ધાર્મિક તથા વ્યાવહારિક કેળવણી વધે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ સફળ કરવા તેને લગતી વિધવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી તે આ સંસ્થાનું કાર્યક્ષેત્ર છે.

### વર્ષ.

૪. આ સંસ્થાનું હિસાબી તેમજ અન્ય કાર્યો માટેનું વર્ષ વિક્રમ સંવત કારતક શુદી એકમથી આસો વદી અમાસ સુધીનું ગણાશે.

### સભ્યો.

૫. એકવીસ વર્ષની ઉમર પૂરી કરી હોય તેવી કોઇ પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વ્યક્તિ ( પુરુષ અથવા સ્ત્રી ) અથવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર નીચે મુજબ આ સંસ્થાના સભ્ય થઇ શકશે.

( ક ) આ સંસ્થાને એકી સાથે રૂા. ૫૦૧) કે તેથી વધારે રકમ આપનાર આ સંસ્થાના આશ્રયદાતા ( Patron ) ગણાશે.

નોંધ:—સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર, આશ્રયદાતા થઇ શકશે નહીં.

( ખ ) આ સંસ્થાને એકી સાથે રૂા. ૧૦૧) થી ૫૦૦) સુધીની રકમ આપનાર આ સંસ્થાના આજીવન સભ્ય ( Life member ) ગણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નોંધઃ**—કોઇ પણ **સંઘ** આજીવન સભ્ય થઇ શકશે નહી. જાહેર જ્ઞાનભંડારને કે સંસ્થાને વ્યવસ્થાપક સમિતિની મંજૂરી લઇને આજીવન સભ્ય કરી શકાશે.

**સંસ્થાને એકી સાથે** રૂા. ૫૧) આપી બીજા વર્ગના આજીવન સભ્યો બનાવવાનો વર્ગ હાલ બંધ છે, પરંતુ અગાઉ થએલ બીજા વર્ગના આજીવન સભ્યો સભ્ય તરીકેના તમામ હક્કો કાયમ ભોગવી શકશે.

(ગ) આ સંસ્થાને વાર્ષિક રૂા. ૫) નું લવાજમ ભરનાર સામાન્ય સભ્ય (Ordinary member) ગણાશે.

**નોંધઃ**—લવાજમ જે વર્ષમાં ભરાયું હશે તે જ વર્ષમાં લવાજમ ભરનાર સામાન્ય સભ્યના હક્કો ભોગવી શકશે. લવાજમ ગમે તે માસમાં ભરાયું હશે છતાં તે લવાજમ સંસ્થાના ચાલુ વર્ષનું લવાજમ ગણાશે, અને સભ્યપદ તે વર્ષના આસો વદી અમાસે પૂરું થશે. જેમનું લવાજમ સંસ્થાના ચોપડે જમા નહીં થયું હોય, તેઓ સામાન્ય સભ્ય તરીકેના હક્કો ભોગવી શકશે નહી.

## પ્રવેશ.

૬. કોઇ પણ વર્ગના સભ્ય થવા માટે વ્યવસ્થાપક સમિતિ વખતોવખત ઠરાવે તે મુજબ લેખિત કે મૌખિક અરજી કરવાની રહેશે. સભ્ય તરીકે દાખલ કરવા કે ન કરવા તે સત્તા વ્યવસ્થાપક સમિતિને રહેશે.

## સામાન્ય સભા.

૭. રચના.

કલમ ૫ પ્રમાણે બનેલા બધા સભ્યોની સભાને **સામાન્ય સભા** કહેવામાં આવશે.

૮. બેઠક.

સામાન્ય સભાની સાધારણ બેઠક સંસ્થાના વર્ષ દરમિયાન ઓછામાં ઓછી એક વખત મળશે. જરૂરિયાત મુજબ અસાધારણ અથવા ખાસ બેઠકો બોલાવી શકાશે.

૯. કાર્યો.

સામાન્ય સભાની સાધારણ બેઠકનું કામકાજ નીચે મુજબનું રહેશેઃ—

(ક) હોદ્દેદારો એટલે કે એક પ્રમુખ, બે ઉપપ્રમુખો, ત્રણ મંત્રીઓ અને એક ખજાનચીની ચૂંટણી દર ત્રણ વર્ષે કરવી.

**નોંધઃ—પ્રમુખ શ્રી ગુલાબચંદ** આણંદજી **કાપડીયા** તથા મુખ્યમંત્રી **શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી** એ આજીવન હોદ્દેદારો છે. તેમની હયાતી દરમિયાન આ હોદ્દાઓ ઉપર તેઓ ચાલુ રહેશે અને તે હોદ્દાઓ માટે ચૂંટણી થશે નહીં.

(ખ) વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણી દર ત્રણ વર્ષે કરવી. સમિતિના સભ્યોની સંખ્યા હોદ્દેદારો ઉપરાંત સાતથી અગિયાર સુધીની ચૂંટવાની રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ગ) સંસ્થાનું ગત વર્ષનું સરવૈયું તથા આવકખર્ચના હિસાબ મંજૂર કરવા.

(ઘ) વાર્ષિક કામકાજનો અહેવાલ મંજૂર કરવો તથા તે હેવાલને પ્રસિદ્ધિ માટે બહાલી આપવી.

(ઙ) નવા વર્ષ માટે ખર્ચના અંદાજપત્રની બહાલી આપવી.

(ચ) સંસ્થા તરફથી કોઈ પણ નવી પ્રવૃત્તિ હાથ ધરવાની તથા ચાલતી કોઈ પણ પ્રવૃત્તિ બંધ કરવાની બહાલી આપવી.

(છ) સંસ્થાની પ્રવૃત્તિઓ ઉપર દેખરેખ રાખવી અને વ્યવસ્થાપક સમિતિને સલાહ, સૂચના અને દોરવણી આપવી.

(જ) વર્ષ માટે અન્વેષક(ઓડીટર)ની નિમણુંક કરવી તથા તેનું મહેનતાણું નક્કી કરવું.

(ઝ) સંસ્થાની સામીલનની (મેમોરેન્ડમ) યાદીમાં કે બંધારણમાં ફેરફાર કરવો.

**નોંધ:**—સંસ્થાની સામીલનની યાદીમાં કે બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર ખાસ તે જ હેતુ માટે બોલાવવામાં આવેલી સામાન્ય સભાની અસાધારણ બેઠકનો રહેશે. સામીલનની યાદીમાં કે બંધારણમાં સૂચવાયેલા ફેરફારની નકલ પંદર દિવસ પહેલાં સભ્યોને મોકલવાની રહેશે. કાર્યસાધક સંખ્યા(કોરમ)ના અભાવે મુલતવી રહેલી બેઠકમાં આ ફેરફાર મંજૂર કરાવી શકાશે નહીં. બેઠકમાં હાજર રહેલા સભ્યોની ૨/૩ બહુમતિથી જ ફેરફાર મંજૂર કરી શકાશે.

## ૧૦. બહુમતિ.

કલમ ૯(ઝ)ની નોંધને આધીન રહીને સામાન્ય સભાનું કામકાજ બહુમતિથી ચાલશે. બંને બાજુ સરખા મતો પડતાં પ્રમુખ વધારાનો એક બીજો મત આપી શકશે.

## ૧૧. કાર્યસાધક સંખ્યા. (કોરમ)

બેઠકની કાર્યસાધક સંખ્યા (કોરમ) બાર સભ્યોની રહેશે. કલમ ૯(ઝ)ની નોંધને આધીન રહીને કાર્યસાધક સંખ્યાના અભાવે મુલતવી રહેલી અને તે જ કામ માટે ફરીથી મળેલી બેઠકને કાર્યસાધક સંખ્યાનો બાધ રહેશે નહીં. આવી બેઠક પ્રથમથી ખબર આપીને અર્ધા કલાક પછી પણ બોલાવી શકાશે.

**નોંધઃ**—આ સભાની કોઇ પણ બેઠકમાં હોદ્દેદાર ન હોય તેવા ચાર સભ્યોની હાજરી આવશ્યક ગણાશે.

## ૧૨. અસાધારણ બેઠક.

અસાધારણ સંયોગોમાં બેઠક પાંચ દિવસની નોટીસથી પણ મંત્રીઓ પ્રમુખની મંજૂરી મેળવીને બોલાવી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૩. ખાસ બેઠકઃ—

અમુક ચોક્કસ કામકાજ માટે ખાસ બેઠક બોલાવવા માટે સામાન્ય સભાના પંદર સભ્યોની લેખિત માગણી આવ્યેથી આ માગણી પહોંચ્યાની તારીખથી એક માસની અંદર ખાસ બેઠક બોલાવવાનું મંત્રીઓ માટે આવશ્યક રહેશે. આવી ખાસ બેઠક નિયત કરેલા કામકાજ માટે જ મળશે અને તેમાં બીજું કોઈ પણ જાતનું કામકાજ થઈ શકશે નહીં.

## ૧૪. ખબર.

કલમ ૯( ઝ )ની નોંધને આધીન રહીને બેઠક બોલાવવાના ખબર સભ્યોને ઓછામાં ઓછા આઠ દિવસ પહેલાં મોકલવામાં આવશે. બેઠક બોલાવવાના પરિપત્રમાં તારીખ, સમય, સ્થળ અને કાર્યવાહી જણાવવામાં આવશે. ખબર ટપાલથી કે પરિપત્ર ફેરવીને આપવામાં આવશે. કોઈ સભ્યને ખબર મળ્યા નથી તેવો બાધ બેઠકના કામકાજને નડશે નહી.

## ૧૫. મતાધિકાર.

( ક ) દરેક સભ્ય બેઠકમાં હાજર રહી એક મત આપી શકશે.

( ખ ) સામાન્ય સભ્યે જે વર્ષમાં લવાજમ ભર્યું હશે તે જ વર્ષમાં ભરાતી બેઠકમાં હાજર રહી તે મત આપી શકશે.

( ગ ) સંસ્થા, સંઘ કે જ્ઞાનભંડાર તેમનો મતાધિકાર તેમના પ્રતિનિધિ મારફત ભોગવશે. તેમના પ્રતિનિધિનું નામ તેમણે મંત્રીઓને લેખિત જણાવવાનું રહેશે અને તે પ્રતિનિધિ બેઠકમાં હાજર રહી સભ્ય તરીકેના બધા હક્કો ભોગવી શકશે; પરંતુ કોઈ પણ સંસ્થા, સંઘ કે જ્ઞાનભંડાર બંધ પડતા તેમના સભ્ય તરીકેના તમામ હક્કો આપોઆપ સદંતર બંધ થઈ જશે.

## ૧૬. નોંધપત્રક ( રજીસ્ટર )

સંસ્થાના સભ્યોનું એક નોંધપત્રક ( રજીસ્ટર ) રાખવામાં આવશે. આ નોંધપત્રકમાં દરેક સભ્યનું નામ, ઠેકાણું, પ્રકાર વગેરે જણાવવામાં આવશે. જ્યાં પ્રતિનિધિ હશે ત્યાં પ્રતિનિધિનું નામ વગેરે જણાવવામાં આવશે. ઠેકાણાનો ફેરફાર જણાવવામાં નહીં આવે ત્યાં સુધી જૂનું ઠેકાણું ચાલુ રહેશે અને બધો પત્રવ્યવહાર તે ઠેકાણે કરવામાં આવશે.

## ૧૭. લાયકાત.

કોઈ પણ બેઠકમાં મત આપવાની લાયકાત, મતોની સંખ્યા વગેરે બાબતોમાં તે બેઠકના પ્રમુખનો નિર્ણય આખરી ગણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યવસ્થાપક સમિતિ

## ૧૮. રચના.

સામાન્ય સભ્યોમાંથી વ્યવસ્થાપક સમિતિ નીચે પ્રમાણે બનશે.

(ક) હોદ્દાની રૂઈએ પ્રમુખ, ઉપપ્રમુખો, મંત્રીઓ અને ખજાનચી.

(ખ) ઉપરની કલમ ૯ (ખ) પ્રમાણે ચૂંટાયેલા સભ્યો.

(ગ) ઉપરની કલમો (ક) અને (ખ) પ્રમાણે બનેલી વ્યવસ્થાપક સમિતિને યોગ્ય લાગે તો તેમણે નિમેલા (કો-ઑપ્ટ કરેલા) સભ્યો. આવા નિમેલા સભ્યોની સંખ્યા બે સુધીની રહેશે.

## ૧૯. મુદત.

વ્યવસ્થાપક સમિતિની મુદત ત્રણ વર્ષની રહેશે. આ મુદત દરમ્યાન કોઇ પણ જગ્યા ખાલી પડે તો તે જગ્યા બાકી રહેલી મુદત માટે વ્યવસ્થાપક સમિતિ ભરી શકશે.

**નોંધઃ**—વ્યવસ્થાપક સમિતિની મુદત પૂરી થાય ત્યાં સુધીમાં નવી વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી થઇ ન હોય, તો એક વરસ સુધી જૂની વ્યવસ્થાપક સમિતિ ચાલુ રહેશે.

## ૨૦. કાર્યસાધક સંખ્યા (કોરમ)

વ્યવસ્થાપક સમિતિની કાર્યસાધક સંખ્યા (કોરમ) છ સભ્યોની રહેશે. કોરમના અભાવે મુલતવી રહેલી અને ફરીથી તે જ કામને માટે મળેલી બેઠક ચાર સભ્યોની હાજરીથી કામકાજ કરી શકશે.

**નોંધઃ**—વ્યવસ્થાપક સમિતિની કોઇ પણ બેઠકમાં હોદ્દેદાર ન હોય તેવા ઓછામાં ઓછા બે સભ્યોની હાજરી આવશ્યક ગણાશે.

## ૨૧. કાર્યક્ષેત્ર.

વ્યવસ્થાપક સમિતિનું કાર્યક્ષેત્ર નીચે પ્રમાણે રહેશે.

(ક) સંસ્થાની મીલકત ફેરવવી, રોકવી, લેવી, વેચવી, પટેથી અથવા ભાડે લેવી અગર વેચવી, દુરસ્ત કરવી ઇત્યાદિ સંબંધી નિર્ણયો કરી મંત્રીઓ તથા ખજાનચીને સૂચનાઓ આપવી.

(ખ) સંસ્થાની સામાન્ય સભાએ મંજૂર કરેલી તમામ પ્રવૃત્તિઓ ચલાવવા વ્યવસ્થા કરવી, તે અંગે જરૂરી નિર્ણયો કરવા, પેટાસમિતિઓ નીમવી, નિયમો કરવા વગેરે.

(ગ) સંસ્થાનું અંદાજપત્ર તૈયાર કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ઘ) સંસ્થાના વાર્ષિક સરવૈયા, આવકખર્ચનો હિસાબ તથા કાર્યવાહીનો હેવાલ તૈયાર કરવા અને તે સામાન્ય સભા પાસે મંજૂર કરાવવા તથા તેની બહાલી મળ્યે છપાવી પ્રસિદ્ધ કરવા.

(ઙ) હોદ્દેદારો તેમજ નોકરોના કામકાજ ઉપર દેખરેખ રાખવી.

(ચ) માસિક રૂા. ૫૦)થી વધારે પગારદાર નોકરની નિમણુંક કરવી, તેની સાથે નિમણુંકની સરતો નક્કી કરવી, તેની રજા ઈત્યાદિના નિયમો ઘડવા તથા જરૂર પડયે તેને નોકરી પરથી છૂટા કરવા.

(છ) સંસ્થા માટે નવી યોજનાઓ ઘડવી તથા તે સામાન્ય સભા પાસે મંજૂર કરાવવી.

(જ) સંસ્થાના હસ્તકના ટ્રસ્ટો, ફંડો અને ખાતાઓ માટે અંદાજપત્રો, સરવૈયા, આવકખર્ચના હિસાબો, કાર્યવાહીના હેવાલો વગેરે તૈયાર કરવા તથા સામાન્ય સભા પાસે મંજૂર કરાવવા.

(ઝ) સંસ્થાના સામીલનની યાદીમાં કે બંધારણમાં ફેરફાર કરવાની દરખાસ્ત તૈયાર કરી સામાન્ય સભા પાસે મંજૂરી માટે રજૂ કરવી.

(ઞ) નવા સભ્યો દાખલ કરવા, અરજીઓ લેવી, તે મંજૂર કે નામંજૂર કરવી અને તે માટેના નિયમો વખતોવખત કરવા તથા ફેરવવા.

## ૨૨. મતપદ્ધતિ.

વ્યવસ્થાપક સમિતિ બહુમતિથી કામકાજ ચલાવશે. બંને બાજુ સરખા મતો પડે, તો બેઠકનો પ્રમુખ વધારાનો એક બીજો મત આપી શકશે.

## ૨૩. ખબર.

વ્યવસ્થાપક સમિતિની બેઠક બોલાવવાના ખબર સભ્યોને ઓછામાં ઓછા બે દિવસ પહેલાં ટપાલથી કે પરિપત્ર ફેરવીને આપવામાં આવશે. પરિપત્રમાં તારીખ, સ્થળ અને સમય અને કાર્યવાહી સામાન્યતઃ જણાવવામાં આવશે. કોઇ સભ્યને ખબર મળ્યા નથી તેવો બાધ બેઠકના કામકાજને નડશે નહીં. પરિપત્રમાં જણાવ્યા સિવાયનું કામકાજ પણ બેઠકની તથા બેઠકના પ્રમુખની મંજૂરીથી કરી શકાશે.

## ૨૪. બેઠક.

વ્યવસ્થાપક સમિતિની સાધારણ બેઠક દર બે માસે ઓછામાં ઓછી એક વખત મળશે, જરૂર પડયે મંત્રીઓ વધારાની બેઠકો બોલાવી શકશે.

## ૨૫. ખાસ બેઠક.

વ્યવસ્થાપક સમિતિના ચાર સભ્યોની અમુક ચોક્કસ કામકાજ માટે બેઠક બોલાવવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખિત માગણી આવ્યેથી માગણી આવ્યાની તારીખથી પાંચ દિવસની અંદર વ્યવસ્થાપક સમિતિની બેઠક બોલાવવી મંત્રીઓ માટે આવશ્યક રહેશે. આવી માગણી ઉપરથી બોલાવેલી ખાસ બેઠક નિયત કામકાજ માટે જ મળશે, અને તેમાં બીજું કોઇ પણ કામકાજ થઈ શકશે નહી.

૨૬. **અસાધારણ બેઠક.**

અસાધારણ સંયોગોમાં વ્યવસ્થાપક સમિતિની અસાધારણ બેઠક પ્રમુખની મંજૂરી મેળવીને મંત્રીઓ ચોવીસ કલાકની નોટીસથી પણ બોલાવી શકશે.

૨૭. **ગેરહાજરી.**

કલમ ૯ ( ખ ) પ્રમાણે ચૂંટાયેલા કોઇ પણ સભ્ય પ્રમુખની મંજૂરી લીધા સિવાય એકીસાથે ચાર બેઠકમાં ગેરહાજર રહેશે તો તે આપોઆપ સભ્ય તરીકે બંધ થયેલા ગણાશે. અને તે જગ્યા ખાલી ગણી તે જગ્યા ઉપર બીજા સભ્યની નિમણુંક વ્યવસ્થાપક સમિતિ કરી શકશે.

## પ્રમુખ તથા ઉપપ્રમુખો.

૨૮. સંસ્થાના પ્રમુખ તથા ઉપપ્રમુખો હરેક કામકાજ ઉપર ધ્યાન રાખશે તથા મંત્રીઓને સલાહ-સૂચના આપશે.

## બેઠકનું પ્રમુખસ્થાન.

૨૯. સામાન્ય સભાની તથા વ્યવસ્થાપક સમિતિની બેઠક વખતે સંસ્થાના પ્રમુખ બેઠકના પ્રમુખનું સ્થાન લેશે. પ્રમુખની ગેરહાજરીમાં હાજર રહેલ ઉપપ્રમુખોમાંથી જે સિનિયર હોય તે બેઠકનું પ્રમુખસ્થાન લેશે, અને પ્રમુખની ફરજો બજાવશે. ઉપપ્રમુખો પણ ગેરહાજર હોય તો હાજર રહેલા સભ્યો પોતામાંથી એકને પ્રમુખસ્થાન માટે ચૂંટી શકશે. બેઠક શરૂ થયા પછી પ્રમુખ કે ઉપપ્રમુખ હાજર થાય તોપણ તે સામાન્ય સભ્ય તરીકે કામકાજમાં ભાગ લઈ શકશે.

## બેઠક બોલાવવાનો અધિકાર.

૩૦. મંત્રીઓ મારફત કે પોતાની સહીથી સામાન્ય સભાની અથવા વ્યવસ્થાપક સમિતિની બેઠક પ્રમુખ બોલાવી શકશે.

## મંત્રીઓ.

૩૧. સામાન્ય સભા અને વ્યવસ્થાપક સમિતિના નિર્ણયો અનુસાર સંસ્થાનું તમામ કામકાજ મંત્રીઓ ચલાવશે. મંત્રીઓની ફરજો, જવાબદારીઓ અને હક્કો સંયુકત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણાશે અને તેઓમાંથી કોઈ પણ એક મંત્રીઓની સત્તાઓનો ઉપયોગ કરી શકશે. બીજા અધિકારો અને ફરજો સાથે તેમના અધિકારો અને ફરજો નીચે પ્રમાણે રહેશે.

( ક ) સંસ્થાવતી તમામ પ્રવૃત્તિઓનું સંચાલન કરવું. તેના અંગેના હેવાલો તથા સૂચનાઓ અને યોજનાઓ વ્યવસ્થાપક સમિતિ પાસે રજૂ કરવા.

( ખ ) સંસ્થાવતી તમામ પત્રવ્યવહાર કરવો.

( ગ ) સામાન્ય સભા તથા વ્યવસ્થાપક સમિતિની બેઠકો બોલાવવી તેમજ બેઠકોમાં થયેલ કામકાજની પાકી નોંધ રાખવી.

( ઘ ) સંસ્થાના નોકરો અને કાર્યકરો ઉપર દેખરેખ રાખવી, તેમના ઉપર નિયંત્રણ રાખવું. તેમને હુકમો તથા સૂચનાઓ આપવી.

( ઙ ) માસિક રૂા. ૫૦) થી ઓછા પગારદાર નોકરોને પ્રમુખની અનુમતિ મેળવીને રાખવા તથા તેમને છૂટા કરવા.

( ચ ) સંસ્થામાં યોગ્ય વ્યકિતઓની મુલાકાતો ગોઠવવી.

( છ ) સંસ્થાના પ્રકાશનો યોગ્ય વ્યકિતઓને તથા સંસ્થાઓને ભેટ આપવા.

( જ ) સામીલનની યાદી કે બંધારણ અનુસાર મંત્રીઓની તમામ ફરજો તથા જવાબદારીઓ અદા કરવી તથા હક્કો ભોગવવા.

## ખજાનચી.

૩૨. સંસ્થાના તમામ હિસાબ ઉપર ખજાનચી દેખરેખ રાખશે અને સંસ્થાના નાણાની વ્યવસ્થા વ્યવસ્થાપક સમિતિના ઠરાવો અનુસાર કરશે. મદદની રકમો તેમજ લેણું વસુલ કરશે તથા નાણાં ચુકવશે.

૩૩. મંત્રીઓ સાથે રહી સંસ્થાના નાણાંકીય વહીવટ તથા હિસાબી કામકાજ ઉપર દેખરેખ રાખશે. રસીદો વાઉચરો ઉપર સહી કરશે.

૩૪. મંત્રીઓ સાથે રહી અંદાજપત્ર, સરવૈયું, આવકખર્ચના હિસાબ વગેરે તૈયાર કરશે અને વ્યવસ્થાપક સમિતિ પાસે રજૂ કરશે.

## જવાબદારી.

૩૫. પ્રત્યેક કાર્યવાહક પોતાના કાર્ય પૂરતા જવાબદાર રહેશે, અને સંસ્થાની મિલકતોની રોકાણમાં કિંમતમાં ઘટાડો થાય તો તે માટે જવાબદાર રહેશે નહી પણ જેનાથી આવું નુકશાન જાણી બુઝીને થયું હશે તે ભરી આપવા માટે જવાબદાર રહેશે.

## અન્વેષક ( ઓડીટર )

૩૬. વ્યવસ્થાપક સમિતિના સભ્ય ન હોય તેવા એક સભ્યને અગર કોઇ લાયક વ્યક્તિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભા દર વર્ષે અન્વેષક ( ઓડીટર ) નિમશે. આ અન્વેષક સંસ્થાનો હિસાબ તપાસશે અને તપાસ્યા બદલ ચોપડામાં પોતાની સહી કરશે, અગર લેખિત પ્રમાણપત્ર આપશે.

## જોડાણ.

૩૭. સંસ્થાના જેવા ઉદ્દેશો ધરાવતી કોઈ બીજી સંસ્થા સાથે સંપૂર્ણપણે કે અંશતઃ જોડાવા કે ગમે તે પ્રકારે સહકાર કરવા અને સાથે કામ કરવા સંસ્થા હક્કદાર રહેશે. પરંતુ કોઇ પણ બીજી સંસ્થા સાથે જોડાણ કરવા માટે સંસ્થાના સભ્યોની ખાસ બેઠક પૂરા પંદર દિવસ અગાઉથી નોટિસ આપીને બોલાવવાનું અને તેવી બેઠકમાં હાજર રહેલા સભ્યોની ¾ સંખ્યાની સંમતિ હોવાનું આવશ્યક રહેશે.

## ટ્રસ્ટીઓ.

૩૮. સંસ્થાની કોઈ પણ મિલકતો માટે વ્યવસ્થાપક સમિતિને જરૂર લાગે ત્યારે વ્યવસ્થાપક સમિતિ ટ્રસ્ટીઓ નિમી શકશે, અને તેમનાં કામકાજ, અધિકાર, રચના, બંધારણ વગેરે માટે વ્યવસ્થા અને નિયમો કરી શકશે, અને તેમાં ફેરફાર કરી શકશે તથા રદ કરી શકશે.

## વિસર્જન.

૩૯. કોઇ સંયોગોમાં સંસ્થા બંધ પડે ને તેનું વિસર્જન થાય તો સંસ્થાની મિલકતો સંસ્થાના ઉદ્દેશો પાર પાડવામાં વપરાય તેવી સરતો સાથે કોઈ સ્થાનિક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંસ્થાને સોંપવી. આવી સોંપણી ન થઈ શકે તો મિલકતો શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને સોંપી દેવી.

## વિશિષ્ટ ફંડ.

૪૦. સંસ્થા હસ્તક વિશિષ્ટ ફંડ કે ખાતાં હશે તેનો વહીવટ તથા ઉપયોગ તે તે વિશિષ્ટ કામમાં કરવામાં આવશે.

## પગલાં લેવા બાબત.

૪૧. સંસ્થાની મિલકતોની માલિકી સંસ્થામાં રહેશે અને તે માટે સંસ્થા સામે કે સંસ્થા તરફથી કાયદેસર પગલાં સંસ્થાના પ્રમુખ કે મંત્રીઓ પૈકી ગમે તે બે નામથી લઇ શકાશે.

## નાણાંનું રોકાણ.

૪૨. આ બંધારણને આધીન રહીને સંસ્થાની મિલકતો, ફંડો તથા નાણાંના રોકાણ માટે વ્યવસ્થાપક સમિતિ વખતોવખત નિયમો, ઠરાવો, તથા વ્યવસ્થા કરશે તથા યોગ્ય લાગે તેમ તેમાં ફેરફાર કરી શકશે તેમજ તે રદ કરી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઉચિત ફેરફાર.

૪૩. આ બંધારણની વિરુદ્ધ ન હોય તેવી રીતે સંસ્થાના કામકાજ તથા વહીવટ માટે વ્યવસ્થાપક સમિતિ વખતોવખત વ્યવસ્થા, નિયમો તથા ઠરાવો કરી શકશે તથા ફેરવી શકશે.

## અમલ.

૪૪. આ બંધારણ સં. ૨૦૧૧ ના કારતક શુદી એકમથી અમલમાં આવશે, અને ત્યારથી તે અગાઉનું બંધારણ તથા તેને લગતા સામાન્ય સભાના તેમજ વ્યવસ્થાપક સમિતિના જે કોઈ ઠરાવો હશે તે રદ ગણાશે. પરંતુ સદરહુ તારીખ પહેલાં અગાઉના બંધારણ તથા ઠરાવોને અનુસરીને જે કાંઈ કામકાજ થયાં હશે કે શરૂ થયેલ હશે તે કાયદેસર ગણાશે, અને સદરહુ તારીખથી ચાલુ કામકાજને પણ શક્ય હશે ત્યાં સુધી આ બંધારણ લાગુ પડશે.

---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાંચેલી, નવીન પચાસ કથાઓ. અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યકત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. **આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

# જાહેર ખબર

આ સભા તરફથી બહાર પાડવામાં આવેલ નીચેના સંસ્કૃત–માગધી ભાષાના મૂળ તથા ટીકાયુક્ત કિંમતી ગ્રંથોનો સ્ટોક લગભગ ખલાસ થવા આવ્યો છે, પરંતુ કેટલાક ગ્રંથભંડારો અને સાહિત્યપ્રેમીઓની ખાસ માગણી આવતાં સભાના અનામત રાખવામાં આવતા સ્ટોકમાંથી નીચેના પુસ્તકો તેમાં દર્શાવવામાં આવેલ કિંમતે આપવાનો નિર્ણય કર્યો છે, તો જેઓને જરૂર હોય તેઓએ તરત મંગાવી લેવા કૃપા કરવી. વેચાણ માટે કાઢવામાં આવેલ આ ગ્રંથો બહુ અલ્પ પ્રમાણમાં છે, જે ખલાસ થવા બાદ તે ગ્રંથ મળી શકશે નહિ.

| | | | |
|---|---|---|---|
| ૧. | વસુદેવ હિન્ડી : પ્રથમ અંશ | મૂલ્ય | રૂા. ૭) |
| ૨. | ,, ,, દ્વિતીય ,, | ,, | રૂા. ૭) |
| | [ બન્ને ભાગ સાથે આપવામાં આવશે. ] | | |
| ૩. | આ. દેવેન્દ્રસૂરિકૃત ટીકાયુક્ત- કર્મગ્રંથ ભાગ ૧ લો [ એકથી ચાર ] | મૂલ્ય | રૂા. ૬) |
| ૪. | ,, ભાગ ૨ જો [ પાંચથી છ ] | ,, | રૂા. ૬) |
| | [ બન્ને ભાગ સાથે આપવામાં આવશે. ] | | |
| ૫. | બૃહત્ કલ્પસૂત્ર ભાગ ૨ | મૂલ્ય | રૂા. ૧૫) |
| ૬. | ,, ,, ભાગ ૩ | ,, | રૂા. ૧૫) |
| ૭. | ,, ,, ભાગ ૪ | ,, | રૂા. ૧૫) |
| ૮. | ,, ,, ભાગ ૫ | ,, | રૂા. ૧૫) |
| ૯. | ,, ,, ભાગ ૬ | ,, | રૂા. ૧૬) |

ઉપરના ગ્રંથો મંગાવનારને કમીશન ટકા ૧૨½ આપવામાં આવશે. દરેકનું પોસ્ટેજ અલગ સમજવું. પુસ્તકો રેલ્વે પારસલથી મંગાવવાથી ખર્ચ ઓછો આવશે, તો રેલ્વે રસ્તે મંગાવનારે ગ્રંથોની કિંમત અગાઉથી મોકલી આપવા કૃપા કરવી. જે મળેથી પુસ્તકો રેલ્વે–પારસલથી તરત રવાના કરવામાં આવશે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. **સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે.** જેમાંથા પેટ્રન થનાર મહાશયોને છેલા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ શ્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ ( ગુજરાતી ) | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦–૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ<br>
તા. ૧૩-૧-૫૩<br>
૨૦૦૯ પોસ વદ ૧૩

**શ્રી જૈન આત્માનંદ સભા.**<br>
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only